Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Rg. N. B. 431

...दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# ...नन्द प्रकाश.

...विक्रीडितवृत्तम् ॥

...तद्धातवारिधा हतसुखान्दृष्ट्वा जनानां व्रजान्
तानुद्धर्तुमना दयार्द्रहृदयो रुध्वेन्द्रियाश्वान् जवात्
जन्तून्मा जहि ज्ञानतः प्रशमय क्रोधादिशत्रूनिति
'आत्मानन्द प्रकाश' मादिशदसौ जीयाज्जिनेंद्रः प्रभुः ॥१॥

पु. १९. | वीर सं. २४४८ महा आत्म सं. २६ | अंक ७ मो.

प्रकाशक—श्री जैन आत्मानन्द सभा-भावनगर.

## વિષયાનુક્રમણિકા.



| વિષય. | પૃષ્ઠ. | વિષય. | પૃષ્ઠ. |
|---|---|---|---|
| ૧ જ્ઞાન આરાધન ( પદ્ય ) ... | ૧૬૫ | ૭ રાષ્ટ્રિયશાળાના અભ્યાસક્રમની રૂપરેખા. ... ... ... | ૧૭૯ |
| ૨ ૭ લેસ્યાનું સ્વરૂપ ( પદ્ય ) ... | ૧૬૬ | ૮ મુંબઈનું પાણી લાગવું ... | ૧૮૧ |
| ૩ શ્રાવકની કરણીનું રહસ્ય. ... | ૧૬૭ | ૯ વર્તમાન સમાચાર. ... | ૧૮૪ |
| ૪ સંયમમાં સુખ કેવી રીતે છે ?... | ૧૭૧ | ૧૦ ગ્રંથાવલોકન. ... ... | ૧૮૭ |
| ૫ યોગતાનુકુળ વ્યવસાયની પસંદગી. | ૧૭૩ | ૧૧ સ્વર્ગવાસ ... ... | ૧૮૮ |
| ૬ સામાયિક કરવા વિષે ( પદ્ય ) | ૧૭૮ | | |



વાર્ષિક મુલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ આના ૪.
આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું-ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી ઉપદેશ સપ્તતિકા ભાષાંતર.

જેમાં દેવ, ગુરૂ અને ધર્મતત્વનું સ્વરૂપ અનેક ઉપદેશક કથાઓ સાથે આપવામાં આવેલ છે તેટલુંજ નહીં પરંતુ કેટલાક જૈન તિર્થો જેવા કે ગિરનારજી, આબુજી, શ્રી જીરાપલ્લી, ફલોધી, કલીકુંડ, અંતરીક્ષજી, સ્તંભન અને શત્રુંજય વગેરે તિર્થો ઉપર કયા કયા મહાન પુરૂષોએ મંદિર, પ્રતિષ્ઠા વગેરે જે જે વર્ષમાં કરી તેનું વિવેચનઅને તે તે તીર્થ સ્થાપન કયા સંયોગમાં થયું તેનું ઐતિહાસિક દ્રષ્ટિએ ઘણું સુંદર વર્ણન કરેલું છે. તે ખાસ વાંચવા, અને જાણવા જેવું છે. દેવ, ગુરૂ, ધર્મ તેમજ સમ્યકત્વ તે સંબંધી સ્ફૂટ સ્વરૂપ તેની ભક્તિથી તથા આરાધનથી કયા મનુષ્યો સુખી થયા, તેની વિરૂદ્ધ વર્તન કરવાવાળા કોણ કોણ દુઃખી થયા તેની અનેક કથાઓ આપવામાં આવેલીછે; તમજ જિનેશ્વરના ગુણોનું સ્મરણ, ધ્યાન, યાત્રા, ચૈત્ય, સ્તવન, અર્ચન, સદ્ધર્મસાધના અને ગુરૂ સેવા વગેરેથી કેવી સમ્યકત્વની સ્થિરતા થાય છે તેનું ઘણું અસરકારક સ્વરૂપ આપવામાં આવેલું છે. એકંદર રીતે ઉપદેશક હોવાથી આખો ગ્રંથ મનન પૂર્વક વાંચવાથી આત્મામાં શાંતતા, સમકિતની સ્થિરતા અને નિર્મળતા ધર્મ ઉપર શ્રદ્ધા અને તીર્થોપર ઉપર ભક્તિ ઉત્પન્ન કરવામાં એક અપૂર્વ સાધન રૂપ ગ્રંથ છે. ભાષા ઘણી સરલ છે. માત્ર થોડી નકલો સીલીકે છે, ઘણી કોપી તો આ માસિકના ગ્રાહકોને ભેટમાં અપાઇ ગયેલ છે. કિંમત એક રૂપિયો પોસ્ટેજ જુદું અમારે ત્યાંથી મળશે.

---

**આ સભાના લાઈફ મેમ્બરોને ભેટના બે પુસ્તક ટપાલ ખરચના રૂા. ૦-૫-૦ના વી. પી થી મોકલવા શરૂ થયા છે, જે સ્વીકારી લેવા.**

૧ ઉપદેશ સિત્તરી ગ્રંથ. ૨ ચૌદરાજ લોકપુજા.

ગયા વર્ષનાં પુસ્તક ન મળ્યાં હોય તેમનો પત્ર આવેથી મોકલીશું, તે માટે ૦-૪-૦ ટીકીટ બીડવી.

---

## નવા દાખલ થયેલા માનવંતા સભાસદો.

| | | |
|---|---|---|
| ૧ શેઠ ચુનીલાલ વીરચંદ, | રે૦ રાંધનપુર. | પે૦ વ૦ લાઇફ મેમ્બર. |
| ૨ શેઠ કેશવલાલ દલસુખભાઇ, | રે૦ અમદાવાદ. | ,, ,, |
| ૩ શેઠ હંસરાજભાઇ લક્ષ્મીચંદ, | રે૦ અમરેલી. | ,, ,, |
| ૪ શ્રી આદ્ય જૈ. ધ. પ્ર. સભાની લાયબ્રેરી, | રે૦ અમદાવાદ. | બી૦ વ૦ લાઇફ મેમ્બર. |
| ૫ સંઘાણી કાળીદાસ નેમચંદ, | રે૦ મોરવાડા. | ,, ,, |
| ૬ શા. ડાહ્યાલાલ હરીચંદ, | રે૦ ભાવનગર. | ,, ,, |
| ૭ સુખડીઆ ભાયચંદ વીરજી. | ,, | ,, ,, |

## વાર્ષિક મેમ્બર.

| | | | |
|---|---|---|---|
| ૮ શા. જયંતીલાલ હરીલાલ, | [illegible]ગર. | ૧૨ વકીલ હરજીવનદાસ ડાહ્યાભાઇ, | રે. લીલીયા મોટા. |
| ૯ સંઘવી અમરચંદ ધનજીભાઇ, | ,, | | |
| ૧૦ શા. માણેકચંદ ગોરધનદાસ. | ,, | ૧૩ શા. જીવણચંદ હકમીચંદ, | રે. બારડોલી. |
| ૧૧ શા. ત્રીભોવનદાસ હરખચંદ, | ,, | ૧૪ શેઠ ધનજી નરશી, | રે. કુબલી. |

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

तत्त्ववेदिष्वात्मनोऽन्तर्भावमभिलषता सकलकालं सर्वेण स्वविकल्पजल्पाचरणानां सार्थकत्वं यत्नतः परिचिन्तनीयम्, तद्वेदिनां च पुरतःकीर्तनीयम्, ते हि निरर्थकेष्वप्यात्मविकल्पजल्पव्यापारेषु सार्थकत्वबुद्धिं कुर्वाणमनुकम्पया वारयेयुः ।

पुस्तक १९ ] वीर संवत् २४४८ महा. आत्म संवत् २६. [ अंक ७ मो.

ॐ

## ज्ञान आराधन.

અવલોકતા ષટ્ દર્શનો જૈનેતરો ભૂલા ભમે,
જૈનો તણી શિવ સાધના આન્તર વિષે સહેજે રમે;
ઉત્પાદ વ્યય ને ધ્રુવનું સત્ જ્ઞાન દિવ્ય મનોહરૂ,
એ જૈન આગમને સદા વંદન ત્રિયોગે હું કરૂં. ૧
પંચાંગી જૈનાગમ ખરેખર મૂક્તિ માર્ગ બતાવશે,
એકેક અંગની ભાવના સ્ખલના કરી અટકાવશે;
ચૈતન્ય શુદ્ધિ બને નહિં કૈવલ્ય જ્ઞાન વિના કદા,
સદ્ જ્ઞાનને આરાધતા શિવ શર્મ યોગ બને તદા. ૨

રા. રા. વેલચંદ ધનજી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અથ ૭ લેશ્યાનું સ્વરૂપ.

( આવો આવો જશોદાના કંથ અમ ઘેર આવોરે—એ રાગ. )

સંસાર વને એક જાંબુનું વૃક્ષ ફળેલુંરે,
ષટ પંથીનું ટોળું ત્યાં થઇ જાય મળેલુંરે;
જુદી જુદી લેશ્યાના તે ષટ પંથીઓ જાણુરે,
**કૃષ્ણ, નીલ, કાપોત, તેજો, પદ્મ, શુકલ** પ્રમાણુંરે. ૧

કહે પંથીઓ જાંબુના ફળ ખાઇ ભૂખ સમાઇએરે,
**કૃષ્ણ લેશ્યાવાળો** કહે મૂળથી ઊખેડીને ખાઇએરે;
ત્યારે **નીલ લેશ્યાવાળો** સ્હેજ કોમળતા ધારીરે,
કહે કાપીએ થડ પણ મૂળથી ન કાપો વિચારીરે. ૨

મૂળ રાખી થડને કાપીને ભૂખ મટાડોરે,
જેથી વૃક્ષ રહે ને પુરાય પેટનો ખાડોરે;
પછી **કાપોત લેશ્યાનો** પંથી દયા જરી લાવેરે,
કહે કાપીએ થડ તો વૃક્ષ ઠુંઠું થઈ જાવેરે. ૩

તે કરતાં ડાળું કાપીને ફળ બહુ ખાઇએરે,
તે કાપીને ખાતાં વૃક્ષ રહે સ્થિરતાઇએરે;
પછી **તેજો લેશ્યાનો** પંથી કહે સુણો ભાઇરે,
એવાં ડાળાઓ કાપતાં લાભ કે કાંઇ ન કમાઇરે. ૪

કામ માત્ર ફળોનું આપણુંને છે ભાઇરે,
તેથી ફળના ગુચ્છા તોડીને ખાઇએ સવાઇરે;
પછી **પદ્મ લેશ્યાવાળો** પાંચમો પંથી દયાળુરે,
કહે કામ શું ગુચ્છાનું ફળ શુભ ખાઇએ મયાળુરે. ૫

તરૂ પરથી ચુંટીને ફળ ખાઇએ મળી સર્વેરે,
જેથી વૃક્ષ કે ડાળને થાય ઇજા ન વિખરવેરે;
એમ સાંભળી **શુકલ લેશી** જે દયાનો દરીયોરે,
બોલ્યો શાન્ત સુધારસ વાણી સમતા ભરીયોરે. ૬

ભાઈ કામ છે પાકાં મિષ્ટ ફળોનું તમારેરે,
તે વૃક્ષ નીચે છે પડેલાં ફાસુ પ્રકારેરે;
તે ખાઇને ભૂખ સમાવીએ આપણુ ભાઇરે,
નાહક કરીએ ન પિડા આ વૃક્ષને કાંઇરે. ૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુખે પેટ ભરાય તો પાપે પેટ ન ભરીએરે,
નિર્દોષ ફળો ખાઈ સંતોષ વૃત્તિ આદરીએરે;
જેવા જેવા કોમળ તીવ્ર પ્રણામ માનવનારે,
તેવા તેવા તે બાંધે બંધ જીવો પરભવનારે. ૮
એમ પ્રકૃતિ જુદી જુદીના જીવો ચૌદ રાજેરે,
જેવા અધ્યવશાય તેવા પુણ્ય પાપ ઉપાર્જેરે;
જેથી નરક નિગોદના બંધ પડે તેથી ડરીએરે,
એવી કૃષ્ણ, નીલ, કાપોત લેશ્યા પરહરીએરે. ૯
વળી તેજો, પદ્મ ને શુકલ લેશ્યા આદરીએરે,
લેઇ સહજ સમાધિ ભવિ ભવ દરીએ તરીએરે;
કહ્યું ષટ લેશ્યાનું સહજ સ્વરૂપ આનંદેરે,
ગુરૂ કર્પૂરવિજય કૃપાથી સાંકળચંદેરે. ૧૦

# શ્રાવકની કરણીનું રહસ્ય.

વિશ્વોપકારી ભગવાન્ તીર્થંકરોએ શ્રાવક શબ્દની યોજનામાં મહાન ઉદ્દેશ સમાવેલો છે. અને તે ઉદ્દેશની સાથે શ્રાવકત્વનું ખરૂં સ્વરૂપ સમજાવી દીધું છે. શ્રાવક એવા નામને ધારણ કરનાર વ્યક્તિ ઉત્તમ અધિકારવાળી હોવી જોઇએ. કારણકે શ્રીયુગાદિદેવના સમયના શ્રાવકોમાં સરલતાનો, તેમજ બાવીશ તીર્થંકર ભગવાનના સમયના શ્રાવકોમાં વિદ્વતા સાથે સરલતાનો ગુણ હોવાનું શાસ્ત્રકારે કહેલ છે ત્યારે શ્રી મહાવીર પ્રભુના વખતના શ્રાવકોમાં કેવા ગુણ—કરણી હોવા જોઇએ તે અત્ર પૂર્વાચાર્યના કથનથી જણાવીએ છીયે. શાસ્ત્રકારે પ્રથમ શ્રાવક શબ્દનો અર્થ આ પ્રમાણે બતાવ્યો છે.

**श्रद्धालुतां श्राति शृणोति शासनं, धनं वपेदाशु वृणोति दर्शनम् ।**
**कृंतत्यपुण्यानि करोति संयमं, तं श्रावकं प्राहुरमि विचत्तणाः ॥**

શ્રી જિનમંડન ગણી મહારાજ.

જે શ્રદ્ધાળુપણાને દઢ કરે, જિનેશ્વરની આજ્ઞાને શ્રવણ કરે, શુભ ક્ષેત્રોમાં દ્રવ્યનો વ્યય કરે, સમ્યકત્વને આદરે, પાપોનો નાશ કરે, મન ઈંદ્રિયોને વશ કરે તેને વિચક્ષણ પુરૂષો શ્રાવક કહે છે. આવા ઉત્તમ શ્રાવકો તો એકવીશ ગુણે કરી બાર વ્રતાદિ રૂપ વિશેષ ધર્મથી શોભતા હોય છે, પરંતુ સામાન્ય ધર્મે જે પાંત્રીશ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુણ (માર્ગાનુસારીના) બતાવવામાં આવેલ છે, જે પ્રથમ ભૂમિકારૂપે છે. તે ગુણો પૈકી પ્રથમ ગુણ " ન્યાયસંપન્ન વિભવા: " જે પોતાના ધંધામાં—વ્યવહારમાં પ્રમાણિકપણે વર્તી પૈસો અને વૈભવ મેળવે છે તેટલુંજ તો સામાન્ય (ગુણ)પણે પણ આ કાળના શ્રાવકોમાં પણ હોવું જોઇએ. તેટલુંજ પણ તે સિવાય તે સાથે તેનું હૃદય વર્તન કેવું હોવું જોઈએ, અને કરણીનું રહસ્ય શું હોવું જોઇએ તે માત્ર ટુંકમાં આ લેખમાં બતાવીએ છીએ.

આત્માની અદ્દભૂત સંપત્તિને પ્રાપ્ત કરવાનું મહાન્ સામર્થ્ય તેનામાં હોવું જોઇએ. આ સ્થૂલ જગતના પ્રાણી પદાર્થના સંયોગ–વિયોગરૂપ પ્રાપ્તિ–અપ્રાપ્તિનો લેશ પણ તેને ડગાવવાને સમર્થ થઈ શકતો નથી, અગમ્ય સંપત્તિના સ્વામિત્વનું ભાન તેની વૃત્તિમાં કાયમ રહ્યા કરતું નથી. તેની જ્ઞાનસંપત્તિ—વિચારસંપત્તિ એવી ઉત્તમ હોય છે કે, તેની આગળ આ જગત્‌ની તમામ સંપત્તિ એક નિર્જીવ વસ્તુતુલ્ય હોય છે. તેના ઉદાર હૃદયમાં કોઈપણ પ્રકારની બાહ્ય ઉપાધિથી કે સ્થૂલ આવરણથી સંકોચ કે ક્ષોભ પ્રાપ્ત થતા નથી. એવી શુદ્ધ શ્રાવક વ્યક્તિ કહેવાય છે. એક જૈન પંડિત આલંકારિક ભાષામાં લખે છે કે, " આ ભારત ક્ષેત્રરૂપ ગગનમાં શ્રાવકરૂપી સૂર્ય એકવીશ ગુણરૂપી કિરણોથી પ્રકાશે છે અને છતાં તેનામાં દયારૂપ શીતળતા રહેલી છે. " આથી શ્રાવક સ્વરૂપની કેટલી મહત્તા દર્શાવી છે ? એ મહાન્ વ્યક્તિ અનુક્રમે શુભ, રમણીય અને આનંદજનક બની શકે છે. તે ધર્મના અખંડિત મનોહર સ્થાનનો અધિકારી છે અને તેથી તે શાંતિ તથા તૃપ્તિને સાધી શકે છે. તે અવિરત ભૂમિકામાં વિચરે છે, છતાં અંતરમાં વિરત ભૂમિકામાં વિહાર કરવાની અભિલાષા ધરે છે. તે ગૃહસ્થ ધર્મને અંગે અનેક કામનાઓનો અભિલાષી થાય છે છતાં જો કદિ તે કામનાઓ પૂર્ણ ન થાય તોપણ અપ્રસન્ન–અસંતુષ્ટ થઇ અવનતિમાં આવી પડતો નથી; કારણકે, તે વૃત્તિઓની કામનાઓના પરિણામને સમજે છે. તેના હૃદયમાં કર્મો અને તેની પ્રકૃતિઓનું સ્વરૂપ ખડું રહે છે એટલે તેને તે બરાબર જાણે છે, તેથી તેની મનોવૃત્તિ કોઈપણ વિષયની લોલુપતા ધારણ કરતી નથી.

આવા શ્રાવકની કરણીને માટે આર્હત મહાત્માઓએ આગમની અંદર ઉત્તમ પ્રકારનું રહસ્ય દર્શાવેલું છે. જે રહસ્ય સમજવાથી પ્રત્યેક શ્રાવક પોતાના ધર્મની—કર્ત્તવ્યની ઉન્નત સ્થિતિમાં અખંડ રહી શકે છે. તેની આગળ પ્રમાદ આદિ અવગુણો ટકી શકતા નથી. તેનો આત્મા તેના ગુણોની શીતળ છાયામાં રહી સ્થાનારોહણના સોપાન ઉપર ચડવાને સમર્થ થાય છે. પછી તેને આ સંસારના ભય દુઃખ, કલેશાદિ પીડી શકતા નથી. અનુક્રમે તે આત્માની ઉચ્ચ ભૂમિકામાં આરૂઢ થવાનો પૂર્ણ અધિકાર મેળવે છે અને પોતાના શ્રાવક જીવનની યથાર્થ સાર્થકતા કરી શકે છે.

શ્રાવક શબ્દના ઉદ્દેશમાં આવું મહાન્ રહસ્ય રહેલું છે. તેવા શ્રાવકની કરણી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિષે અહિં વિચારવાનું છે. કરણી શબ્દનો અર્થ કર્ત્તવ્ય થાય છે. પણ અહિં તે બાહ્ય કર્ત્તવ્ય નહીં પણ આંતર કર્ત્તવ્ય લેવાનું છે. સૂક્ષ્મદૃષ્ટિથી વિચાર કરતાં આંતર-કર્ત્તવ્યમાં પરમાર્થનું સાધન કરવા ઉપરાંત વ્યવહારનું શુદ્ધ સાધન આવી જાય છે. તે વ્યવહાર સાધન ગૌણ રહે છે અને પરમાર્થ સાધન મુખ્ય રહે છે. તેવી શ્રાવક-કરણીનું રહસ્ય જાણવાથી શ્રાવકત્વનો અપાર મહિમા દેખાઇ આવે છે.

તે શ્રાવક કરણી મુખ્ય સાત પ્રકારે રહેલ છે, અને તેને માટે આગમમાં નીચેનો શ્લોક કહેલો છે, જે શ્લોક ધર્મજાગરિકા પ્રસંગે પ્રત્યેક શ્રાવકને સ્મરણીય છે—

## आर्या.

कोऽहं का मेऽवस्था किं च कुलं के पुनर्गुणा नियमाः ।
किं च स्पष्टं क्षेत्रं श्रुतं न किं धर्मशास्त्रं च ॥ १ ॥

" હું કોણ છું ? મારી શી અવસ્થા છે ? મારૂં કયું કુલ છે ? મારામાં શું ગુણ છે ? શા નિયમ છે ? સાત પુણ્યક્ષેત્રોમાંથી મેં કયું ક્ષેત્ર ફરસ્યું નથી ? અને કયું ધર્મશાસ્ત્ર સાંભળ્યું નથી ? " ૧

આ પદ્યથી શ્રાવક કરણીના સાત વિચારો દર્શાવી આપ્યા છે. પ્રત્યેક વિચાર અથવા ભેદ ઉંચી જાતના આંતર રહસ્યથી ભરપૂર છે. પ્રત્યેક ભેદની મહત્તા એટલી બધી ગંભીર છે કે, તે ઉપર જેટલું વિવેચન કરીએ તેટલું થોડું છે. વિશ્વોપકારી તીર્થંકરોએ તે કરણીના સાત સૂત્રોમાં અનુપમ, ગંભીરાશયવાળું રહસ્ય દર્શાવેલું છે.

## શ્રાવકની પ્રથમ કરણી ' હું કોણ છું. '

પ્રથમ શ્રાવકે પોતાને પીછાનવો જોઇએ. પોતે એક આત્મા છે. મનુષ્ય જાતિમાં જન્મેલો છે. પણ તે મનુષ્ય જાતિ કેવા પ્રકારથી અંકિત છે ? તે વિચારણીય છે. પોતે મનુષ્ય જાતિ છે. પણ તે શ્રાવકત્વથી અંકિત છે. એટલે મનુષ્ય જાતિમાં શ્રાવક કહેવાય છે. અહિં એટલું વિચારવાનું છે કે તે શ્રાવકત્વ માત્ર દ્રવ્યથી છે કે ભાવથી છે ? લલાટે કેશરનો ચાંદલો, કેડે કંદોરો અને વણિક જાતિને અનુકૂલ વેશાદિ એ બધાં દ્રવ્ય શ્રાવકત્વના ચિન્હો છે. ભાવના નથી, ભાવ અવ્યકત છે—ચિન્હ વગરનો છે. ભાવની મહત્તા દિવ્ય અને અદ્દ્ભુત છે. તે હૃદયની ભૂમિનો વાસી છે. તેને કોઇ પણ બાહ્ય સ્વરૂપની અપેક્ષા નથી. તેને આંતર સ્વરૂપની અપેક્ષા છે. જ્યારે શ્રાવક પોતાના સ્વરૂપનો વિચાર કરશે, ત્યારે તેને સમજાશે કે, પોતે એક મનુષ્ય જાતિની મહત્તાનો અધિકારી છે. પોતાના અધિકારનું ભાન થતાં તેનામાં ઉચ્ચ વિચારો પ્રગટ થયા વિના રહેશે નહીં. જે વિચારો તેના શ્રાવકત્વને દીપાવનારા ગુણોના કારણ રૂપ થઇ પડે છે.

' હું કોણ છું ' એવો વિચાર કરવા માટે એક વિદ્વાન્ લખે છે કે " પ્રત્યેક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મનુષ્યે પ્રથમ પોતાના સ્વરૂપનો વિચાર કરવો જોઇએ. તે વિચાર પણ ઊંચી જાતના ગુણોથી ભરપૂર હોવો જોઇએ, એટલે 'હું એક માણસ છું' એમ ન ધારવું, પણ હું એક અમુક ધર્મના અધિકારવાળો કે અમુક કાર્ય સાધવાની શક્તિવાળો છું, એમ ગુણોથી ભરપૂર વિચાર કરવો જોઇએ."

તે વિદ્વાનના હૃદયગ્રાહી વિચાર આ કરણીને પૂર્ણ રીતે પુષ્ટિ આપે છે. આ ઉપરથી સિદ્ધ થાય છે કે વિશ્વોપકારી, પવિત્ર ભગવાન્ તીર્થંકરોએ દૂરદર્શી વિચાર કરીને શ્રાવકની એ પ્રથમ કરણીની યોજના કરી છે.

જ્યારે 'હું કોણ છું' એમ વિચાર કરવામાં આવે છે, ત્યારે તે વિચારકને પોતાના સ્વરૂપનું ભાન થઇ આવે છે, તે વખતે તેણે વિચારવું જોઇએ કે—'હું એક મનુષ્ય જાતિનો અધિકારી આત્મા છું. મારામાં શક્તિઓ અને સામર્થ્યોનો વાસ છે. એ શક્તિ અને સામર્થ્ય શી રીતે પ્રગટ કરવા અને તેનો ઉપયોગ મારે ક્યાં કરવો જોઇએ? હું તેનો ઉપયોગ એવો કરૂં કે, જેથી મને ઉત્તમ પ્રકારનો લાભ મળે." આવા વિચારો કરતાં તે ઉત્તમ શ્રાવક લાભ કારક, સુખસાધક અને હિતાવહ સ્થિતિઓ શોધી શકે છે અને પોતાના મનનું નિરીક્ષણ કરવાનું સામર્થ્ય મેળવી શકે છે. જ્યારે મનનું નિરીક્ષણ થાય છે એટલે તેનામાં નિર્મલ વૃત્તિઓ, ઉત્તમ શીલ–સ્વભાવો તથા સ્વાધ્યાયના અભ્યાસો કરવાની ઉત્સુકતા વધે છે. અને પોતે 'કોણ છે,' એ વિષય ઉપર ઉત્તમ પ્રકારે મનન કરે છે.

અનુભવી વિદ્વાનોએ આ કરણી ઉપર ઘણું વિવેચન કરી લખેલું છે. તેઓ એટલે સુધી લખે છે કે, "પોતાના સ્વરૂપનું નિરીક્ષણ કરનાર મનુષ્ય માનસિક અને નૈતિક બળ વધારી શકે છે, તે બળ તેના દરેક કાર્યોનું સાધક બને છે, વળી તેનામાં સંકલ્પ શક્તિ પ્રગટે છે. એટલે તે ઉચ્ચ પ્રકારના સંકલ્પો કરી શકે છે. જે સંકલ્પો કાર્ય સિદ્ધ કરવાની કળાને મેળવી શકે છે. આત્મનિરીક્ષક પુરૂષ પોતાના કર્ત્તવ્યને યથાર્થ સમજી શકે છે, એટલે ધર્મ અને વ્યવહારના શુદ્ધ તત્ત્વો તેને સ્વતઃ ઉપલબ્ધ થાય છે. તેના પ્રત્યેક વિચાર તથા પ્રત્યેક ક્રિયા એવા કેળવાએલા હોય છે કે જેથી ધારેલા પરિણામો ઉત્પન્ન કરી શકે છે."

શ્રાવકની પ્રથમ કરણીનું આવું માહાત્મ્ય આગમમાં અને વિદ્વાનોના વિચારોમાં વિશેષ ચર્ચાએલું છે. મહાત્માઓએ તેનું અંતરંગ રહસ્ય ઉત્તમ પ્રકારે પ્રતિપાદિત કર્યું છે. એક તત્ત્વવેત્તા તેને માટે આ પ્રમાણે લખે છે—"વિવિધ પ્રકારે તમે તમારૂં સ્વરૂપ જુવો. તમે કોણ છો તે વિચારો અને તમારી પોતાનીજ પરીક્ષા કરો, તમારી પોતાની પરીક્ષા કરવાથી તમારી વર્તમાન સ્થિતિનું જ્ઞાન વિકાસને પામશે."

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સંયમમાં સુખ કેવી રીતે છે ?

પરવશપણું અથવા પરાધિનપણું એ દુઃખ અને પોતે પોતાને વશ એ સ્વતંત્રતા અથવા સુખ છે, એમ દરેક શાસ્ત્રો અને તેના પ્રણેતા કહે છે. મન અને ઈંદ્રિયોને વશ થયેલ પ્રાણી બંધનમાં અને તેને વશ રાખનાર સ્વતંત્ર, છુટો, સુખી છે, કારણકે મનુષ્યોને સંસાર સમુદ્રમાં રખડવાને માટે બંધન અને તેનાથી મુક્ત થવા માટે માત્ર મનજ છે. માત્ર તેને તાબે થનાર પરતંત્ર અને તેને તાબે કરનાર સ્વતંત્ર છે. મનુષ્યોને સ્વાર્થ, લોભ, લાલચ, તૃષ્ણા, ઇર્ષ્યા વગેરે કષાયો વહેમ, ભય, ભીરૂપણું, આવેગો, મારા તારાપણું તે માત્ર મન અને ઈંદ્રિયોને કબજે નહીં રાખવાથીજ બને છે તેને કબજે કરનાર અને પોતાની મરજી પ્રમાણે કામ લેનાર પોતાનું ધ્યેય સાધી શકે છે, સદ્‌ગુણ પ્રાપ્ત કરી શકે છે અને સંયમી થતાં સ્વતંત્ર રીતે સુખ મેળવી શકે છે. સંયમ પ્રાપ્ત કરવા માટે પ્રથમ મનને પરાણે રોકવાની ટેવ પાડવી પડે છે. કારણ કે તે સંયમ શીખવાનો રસ્તો છે અને જ્યારે તે બરાબર ટેવ પડે છે, ત્યારે આડે રસ્તે અને ખોટું કામ કરતાં અટકે છે અને તેમ જ્યારે બને ત્યારેજ તેને સંયમ કહેવામાં આવે છે. જ્યારે તે પ્રાપ્ત થાય ત્યારે દુર્ગુણ ઉલટું સદ્‌ગુણમાં બદલાઇ જાય છે. દાખલા તરીકે રસ્તામાં કોઇ રૂપાળી સ્ત્રી જતી હોય ત્યારે નબળા મનનો માણસ જ્યારે વિકાર દૃષ્ટિએ બીજાની દરકાર રાખ્યા વગર તેના સામું જુએ ત્યારે પ્રથમ ભૂમિકાએ મનને પરાણે રોકનાર તે તરફ જુએ પરંતુ તરતજ તે અયોગ્ય છે, એમ સમજી મન રોકે છે. વળી જુએ, વળી દૃષ્ટિ ખેંચી લે ત્યારે સંયમી પુરૂષ તેના તરફ નહીં જોતાં તે સારૂં નથી અને જોવા જેવી વસ્તુજ નથી એમ સમજી તે તરફ દૃષ્ટિ ફેંકતો નથી. નજર જતી નથી. એટલા માટે શાસ્ત્રકાર મહારાજે બ્રહ્મચર્યની નવ વાડોમાં સ્ત્રીના અંગોપાંગ સંયમી પુરૂષોએ નિરખવા નહીં તે નવ વાડો પૈકી એક વાડ ( કીલ્લો ) કહેલી છે. જોકે આમ એકદમ બનવું અઘરૂં છે છતાં જેટલા પ્રમાણમાં માણસ પોતાનું મન કબજે રાખી શકે તેટલા પ્રમાણમાં તે સુખી, સ્વતંત્ર, સમજુ અને મોટો ગણાય છે; સંયમી પુરૂષ પોતાની જીંદગીના સંજોગો અને તેના ભવિષ્યને પણ તાબે રાખી સુખી થાય છે અને ઉજ્જવલ ભવિષ્ય તેની સાથે સાથે જ્યાં જાય ત્યાં સાથે રહી સુખ સંપાદન કરાવે છે, અને જે મનુષ્ય સંયમી નથી તે સંજોગનો ગુલામ બને છે અને તેમની ઇચ્છા પાર નહીં પડવાથી નિરાશ અને દુઃખી થઇ પોતાનું ભાવિ મલિન બનાવે છે. પોતાની બુરી આદતો છોડવી તેમાં નિશ્ચય અને દૃઢતાની જરૂર પડે છે. ખરાબ ટેવો છોડવા મનને રોકવાની શરૂઆત કરી કે તરતજ કુદરતી રીતે લાલચ આવી ઉભી રહે છે તે તરફ વલખાં મારવા પડે છે તેને રોકવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પુરતા આગ્રહની જરૂર પડે છે અને ધીરજ તથા હિંમત રાખી તે તરફ ખેંચવાનો મજબૂત નિશ્ચય અને દૃઢતા હોય તો તે છુટી જાય છે. તેટલા માટે આનંદઘનજી મહારાજે શ્રી કુંથુનાથ પ્રભુની સ્તુતિ કરતાં કહેલ છે કે "જિમ જિમ જતન કરીને રાખું તેમ તેમ અલગું ભાગે" કારણકે ઘણા કાળથી આ ટેવ પડેલી હોય છે, વળી પણ કહ્યું છે કે "મન સાધ્યું તેણે સઘળું સાધ્યું, એહ વાત નહીં ખોટી; એમ કહે સાધ્યું તે નવિ માનું એકહી વાત છે મોટી;" એટલે કે મન વશ થયું તેણે તપ, જપ, સંયમ વિગેરે સઘળું સાધ્યું તે વાત ખોટી નથી, પરંતુ માત્ર તેમ બોલવા માત્રથી કે તેવા ઉલટા સંયોગો આવે ત્યારે તે સામે બેધડક અડગરીતે ધૈર્યથી સામે થઇ રોકે ત્યારેજ સાધ્યું-સંયમ પ્રાપ્ત કર્યો કહેવાય, કારણકે આ વાત જેવી તેવી નથી, પરંતુ ઘણી મોટી છે. સંયમમાં અપૂર્વ સુખ છે અને દુઃખ છેજ નહીં એ વાત જો પુરતી લક્ષમાં આવે તો કયો મનુષ્ય અસંયમપણામાં, પરતંત્ર-પરવશપણામાં, ગુલામીપણામાં રહેવું પસંદ કરશે. મનને કબજે નહીં રાખનાર મનુષ્ય આખા જગતનો ઓશીયાળો, પરતંત્ર અને ગુલામ છે, ત્યારે સંયમી પુરૂષ સ્વતંત્ર-સુખી છે. સંયમી પુરૂષ પોતાને, કુટુંબને, કોમને અને છેવટે દેશને ચાહે છે, તેના દુઃખે દુઃખી થાય છે અને તેને સુખી બનાવે છે. જૈનદર્શનમાં ભૂતકાળમાં તેવા અનેક મહાત્મા થયાનું જૈન ઇતિહાસ જણાવે છે, ત્યારે વર્તમાનકાળમાં મહાત્મા ગાંધીજી કેવળ સંયમી અને ત્યાગી હોઇને એક આંગળીએ આખા હિંદને સુખી બનાવવા પરમાર્થ ક્ષેત્રમાં વિચરી રહ્યા છે; તેનું કારણ સંયમજ છે. દરેક મનુષ્યના હાથમાંજ સુખી સ્વતંત્ર સંતોષી થવું તે છે. જ્યારે ધીરજ, વિશ્વપ્રેમ-દયા, સંતોષ વિગેરે સદ્ગુણ સંયમીને સહજ હોય છે, ત્યારે અસંયમીને અધૈર્યતા, ધિક્કાર, ઈર્ષ્યા, હિંસકપણું, અસંતોષ અને વિષયલીનતા પણ તેને સ્વાભાવિક હોય છે. સંયમથી અઘરામાં અઘરા કાર્યોમાં ફત્તેહ મળે છે, મનોબળ વધે છે, દૈવીપણું પ્રાપ્ત થાય છે, બુદ્ધિ વિશાળ બને છે, પરમાર્થમાં આગળ વધે છે, જેથી દરેક મનુષ્યે નરરત્ન થવા માટે સંયમી થવું આવશ્યક છે. કોઇપણ ધર્મ, દેશ, પ્રજા અને કોમ માટે તેના ઉદ્ધાર-ઉન્નતિ તથા સુખમાટે તેવા મહાન પુરૂષો થવાની જરૂર છે. આ દેશમાં તેના વ્યવહાર અને ધર્મના ઉદ્ધાર માટે તેવા સંયમી અનેક પુરૂષો ઉત્પન્ન થાઓ તેવી પરમાત્મા પ્રત્યે પ્રાર્થના છે.

**ગાંધી વલ્લભદાસ ત્રીભોવનદાસ—ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# યોગ્યતાનુકૂળ વ્યવસાયની પસંદગી.

વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ.

પ્રત્યેક મનુષ્યને માટે કોઇને કોઇ વ્યવસાય, રોજગાર અથવા ધંધાની આવશ્યક્તા છે અને પોતાને માટે બુદ્ધિમત્તા પૂર્વક વ્યવસાયની પસંદગી ઉપરજ મનુષ્ય-જીવનની સફલતા વા નિષ્ફળતા અવલંબિત છે. એવા ઘણાજ થોડા-હજારોમાં એક મનુષ્ય હશે કે જેઓને જીવનનિર્વાહ અર્થે કોઇપણ ઉદ્યોગ નહિ કરવો પડતો હોય, અર્થાત્ જેઓની પાસે જરૂર કરતાં અધિક સંપત્તિ હોય છે; પરંતુ એવા મનુષ્યોને પણ પોતાને માટે કાંઇને કાંઇ કાર્ય પસંદ કરવાની જરૂર પડે છે. એનું કારણ એ છે કે એવા મનુષ્યોને ઉદરપૂર્તિને માટે ભલે કષ્ટ ઉઠાવવું ન પડતું હોય, પરંતુ પોતાનું જીવન સુખમય બનાવવા માટે તથા તેને આલસ્યથી બચાવવા માટે, ઇચ્છા ન હોય તોપણ, કંઇને કંઇ કાર્ય કરવું જ પડે છે. કહેવાની મતલબ એ છે કે મનુષ્ય-જીવન કાર્ય કરવા માટેજ છે અને ધનવાન તેમજ ધનહીન કોઇપણ મનુષ્ય તેનાથી બચી શકતો નથી.

જોકે એ વાતની સત્યતા નિર્વિવાદ સિદ્ધ છે કે સંસારના પ્રત્યેક મનુષ્યને કાંઇને કાંઇ વ્યવસાય યાને કાર્ય કરવુંજ પડે છે, તોપણ ઘણા યુવકોને એ વાતમાં ડર અને ઘૃણા રહે છે. તેઓ પોતાના માતા-પિતાથી વિખૂટા પડવા નથી ઇચ્છતા અને ઉદર નિર્વાહનો પ્રશ્ન પોતે ઉકેલવામાં બેઇજ્જતિ સમજે છે; પરંતુ તેઓને પણ કોઇ દિવસે વ્હેલું અથવા મોડું કોઇપણ કાર્યનો આરંભ કરવો પડે છે. એટલા માટે જે યુવકો સંસારમાં પ્રવેશ કરી વિજય-પ્રાપ્તિની સ્પૃહા રાખે છે તેઓનું એ કર્તવ્ય છે કે તેઓએ શીઘ્રતાથી એ વાતનો નિશ્ચય કરી લેવો જોઇએ કે આપણે આપણી બધી શક્તિઓનો કયા કાર્યમાં ઉપયોગ કરશું ? અનિશ્ચિત અવસ્થામાં રહીને વિલંબ કરવાથી અને વ્યર્થ સમય ગુમાવવાથી જરાપણ લાભ થતો નથી.

ઘણાએક મનુષ્યો સુખનો અર્થ સમજતા નથી. તેઓ કાર્યના અભાવને અર્થાત્ આલસ્યમાં સમય ગુમાવવાને સુખનું સાધન ગણે છે. તે એક ઘણીજ ગંભીર ભૂલ છે. કહેવાય છે કે ઉદ્યોગ રહિત અને કાર્યહીન મનુષ્યોનાં મનને સેતાન પોતાનું નિવાસસ્થાન બનાવે છે. ભારતવર્ષના એક મહાન અધિકારી પુરૂષને એવી આજ્ઞા મળી કે " હવે તમારી નોકરીના દિવસો પુરા થઇ ગયા છે. તમે નીમકહલાલીથી નોકરી બજાવી છે તેના બદલામાં તમને ઘરે બેઠા પેન્શન આપવામાં આવશે. " જ્યારે તેને એ આજ્ઞા મળી ત્યારે તે અત્યંત ખુશી થઇ ગયો. ખુશી એટલા માટે થયેલ કે હવે પોતાને કાર્ય કરવું પડશે નહિ અને પોતે મોજ-મજામાં દિવસો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગાળી શકશે. તેમણે આનંદના આવેશમાં પોતાના એક મિત્રને પત્ર લખી મોકલ્યો કે "હવે હું હમેશની માથાકૂટમાંથી છૂટો થયો છું. હવે મને દશગણા પૈસા મળે તો પણ હું કામ કરીશ નહી." પાંચ પંદર દિવસ વીત્યા પછી જ્યારે તેને બેઠા બેઠા સમય પસાર કરવાનું આકરૂં લાગવા માંડયું અને જ્યારે તેને માલૂમ પડયું કે કામ કર્યા વિના આલસ્યપૂર્ણ જીવન અત્યંત દુ:ખદાયી થઇ પડે છે, ત્યારે તેણે ફરીવાર પોતાના તેજ મિત્રને દીલગીરી સાથ લખ્યું કે "ભાઇ! હું મૂર્ખતાથી એમ માનતો હતો કે કામ ન કરવામાંજ આનંદ રહેલો છે; પરંતુ હકીકત તદ્દન ઉલ્ટી છે. હવે મને સ્પષ્ટ જણાય છે કે મારૂં પૂર્વ જીવન ઘણુંજ ઉત્તમ અને સુખપૂર્ણ હતું. જેટલું અધિક કામ કરવું પડતું હતું તેટલુંજ અધિક સુખ મળતું હતું" સારાંશ એ છે કે પગપર પગ ચડાવી બેસી રહેવું તે મનુષ્યના દેહ-ધર્મની વિરૂદ્ધ છે. મનુષ્યનું મન એક ઘંટી સમાન છે. જ્યાં લગી ઘંટીમાં ઘઉં નાખીએ છીએ ત્યાં સુધી તે ઘઉંને પીસીને લોટ બનાવે છે, પરંતુ જ્યારે તેની અંદર ઘઉં નાખવામાં નથી આવતા ત્યારે તે પોતે પોતાને પીસીને ક્ષીણ બનાવી મૂકે છે. એક તત્વજ્ઞાનીનું નીચેનું કથન પુરેપુરૂં મનન કરવા યોગ્ય છે. "ઘણાજ થોડા મનુષ્યો લોભવશ બનીને જુગારી યાને શરાબી બને છે. તેઓમાં અધિકાંશ એવા મનુષ્યો હોય છે કે જેઓ કાંઇ પણ કાર્ય નહિ હોવાથી કેવળ સમય વિતાડવા ખાતરજ જુગાર ખેલે છે યાને શરાબી બને છે."

જ્યારે એટલું તો નિર્વિવાદ સિદ્ધ છે કે કાંઇ પણ કાર્ય ન કરવું અથવા આલસ્ય પૂર્ણ જીવન વિતાડવું એ દેહધર્મની વિરૂદ્ધ છે, ત્યારે આપણું એ કર્તવ્ય છે કે આપણે કોઇને કોઇ સારો વ્યવસાય આપણા માટે પસંદ કરવો જોઇએ. એ વ્યવસાય આપણાં મન, ઇચ્છા, કાર્યશક્તિ અને સ્વભાવને અનુકૂળ હોવો જોઇએ. સ્વાભાવિક પ્રવૃત્તિને પ્રતિકૂળ વ્યવસાય કરવાથી કદિ પણ સફલતા મળી શકતી નથી. વિચારવા જેવી વાત છે કે જે મનુષ્યને જન્મસિદ્ધ ચિત્રકાર બનાવી મોકલવામાં આવ્યો હોય છે તેને કોઇ કારણવશાત્ તેનો પિતા વિશ્વવિદ્યાલયની ડીગ્રીયુક્ત બનાવવા ચાહે તો તે કદિ પણ શકય છે ખરૂં ? એક તરફ પ્રૉફેસર સાહેબ સાહિત્ય વિષયક મોટી મોટી વાતો સમજાવતા હોય છે, ત્યારે બીજી તરફ ઉક્ત વિદ્યાર્થી પ્રૉફેસર સાહેબની ભિન્ન ભિન્ન અવસ્થાઓ અને હિલચાલોનું ચિત્ર પોતાના મનમાં દોરતો હોય છે. મનુષ્ય-જીવન અસફલ બનવાનાં બે કારણો છે. પહેલું એ છે કે તે કોઇ કોઇ વખત પોતાની કાર્ય-શક્તિ વિરૂદ્ધ વ્યવસાયમાં પ્રવૃત્ત બની જાય છે. બીજુ કારણ એ છે કે મનુષ્ય વ્યવસાય કુશળ બન્યા વગરજ પોતાનાં કાર્યો શરૂ કરી દે છે; પરંતુ જ્યાં સુધી કાર્ય કુશલતા અને કામચલાઉ અનુભવ ન મેળવ્યા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોય ત્યાં સુધી સહસા કોઇ પણ કાર્ય શરૂ કરવું જોઇએ નહિ. એ સાચું છે કે અનુભવ અને કાર્યકુશળતાની પ્રાપ્તિ જલ્દી થતી નથી, પરંતુ તે ખ્યાલ બહાર જવા ન પામે એટલું લક્ષમાં રાખવું જોઇએ.

ઉપર કહેવામાં આવ્યું તેમ જીવન–સંગ્રામમાં મનુષ્ય અમુક બે કારણોને લઇને અકૃતકાર્ય બને છે; પરંતુ આપણા દેશમાં ત્રીજું કારણ પણ દૃષ્ટિગોચર થાય છે. આપણા દેશના સુશિક્ષિત લોકો કેવળ માનસિક અને મૌખિક કાર્ય કરવાનું વધારે પસંદ કરે છે. તે લોકોને શારીરિક વ્યવસાયો પ્રત્યે એક પ્રકારનો તિરસ્કાર હોય છે. એવાં અનેક ઉદાહરણો જોવામાં આવે છે કે એક મનુષ્ય માસિક આઠ રૂપિયાના પગારે મ્યુનિસિપાલીટીનો કારકુન બનવામાં પોતાના જીવનની સાર્થકતા સમજે છે, પરંતુ તેને અન્ય શારીરિક કાર્ય કરીને વિશેષ દ્રવ્ય સંપાદન કરવાનું શરમ ભરેલું લાગે છે. ભારત વર્ષમાં મોજશોખની બિમારી દિવસાનુ દિવસ વધતી જાય છે અને સખેદ કહેવું પડે છે કે જો એ વ્યાધિનો નાશ કરનાર કોઇ ઓષધિ શોધવામાં નહિ આવે તો તે અસાધ્ય થઇ જશે. હમેશા સ્મરણમાં રાખો કે શારીરિક શ્રમ કરવાથી અને આપણી કર્મેન્દ્રિયોને કોઇ ઉપયોગી કાર્યમાં લગાડવાથીજ શિક્ષિત સમાજ દેશમાં એક આદર્શ રૂપ બની શકે છે. વિદ્યાર્થીઓને માટે જરૂરનું છે કે તેઓએ આ વાત ઉપર ધ્યાન આપવું જોઇએ અને શારીરિક શ્રમ કરવામાં શરમ ન ગણવી જોઇએ.

ઉપર એ વાતની આવશ્યકતા જણાવી ચુકયા છીએ કે પ્રત્યેક મનુષ્યે પોતાની સ્વાભાવિક પ્રકૃતિ અને કાર્યશક્તિને અનુકૂળ વ્યવસાયની પસંદગી કરવી જોઇએ. અતએવ જે મનુષ્ય સંસારમાં સફલતા પ્રાપ્ત કરવા ઇચ્છે છે તેનું પ્રથમ કર્તવ્ય એટલું જાણવાનું હોય છે કે પોતાની રૂચિ કેવાં કાર્યો તરફ વધારે છે. ઘણા મનુષ્યો એ વાતની આવશ્યકતા સમજતા નથી, તેથી કોઇ પણ યુવક પોતાની પ્રવૃત્તિઓ જાણીને તે અનુસાર કાર્ય ન કરે એ બનવાજોગ છે. તેઓનો એ સિદ્ધાંત હોય છે કે પ્રત્યેક મનુષ્ય કોઇ પણ કાર્ય કરી શકે છે. પોતાની પ્રવૃત્તિનું જ્ઞાન પ્રાપ્ત કરવાની કંઇપણ આવશ્યકતા નથી, જેથી કેવળ પરિશ્રમ કરવો પડે છે. લૉર્ડ ચેસ્ટર ફીલ્ડનો પણ એજ મત હતો. તેમનું તો એજ કહેવું હતું કે આપણી સ્વાભાવિક પ્રવૃત્તિઓ તથા કાર્યશક્તિઓ જાણવાની કશી આવશ્યકતા નથી. કોઇપણ યુવક કેવળ પરિશ્રમ વડે વિદ્વાન, સુવક્તા, રાજનીતિજ્ઞ, યશસ્વી, ખૂબસૂરત, સમાજ પ્રિય ઇત્યાદિ સર્વ ( પરંતુ કવિ નહિ ) બની શકે છે. તેમના કહેવાનો સારાંશ એ છે કે કોઇ પણ મનુષ્યને ગ્રન્થકાર, રાજનીતિજ્ઞ અર્થાત્ ગમે તે બનાવી શકાય છે. પોતાના એ સિદ્ધાંત અનુસાર લોર્ડ ચેસ્ટરફીલ્ડે પોતાના સુસ્ત, કાર્યશિથિલ અને અસાવધાનતાપૂર્ણ પુત્રને એક સમયસૂચક સત્પુરૂષ બનાવવા ઇચ્છયું. તેમણે એ માટે વર્ષો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પર્યંત પરિશ્રમ કર્યો; પરંતુ પરિણામ એ આવ્યું કે તે હમેશા એજ અવસ્થામાં રહ્યો. તેનો પુત્ર જીંદગીભર જ્યાં ને ત્યાંજ રહ્યો. તેની યોગ્યતા લેશ પણ ન વધી. એટલા માટે સ્વાભાવિક પ્રવૃત્તિઓ જાણવાની પરમ આવશ્યકતા છે અને તે જાણવામાં બિલ્કુલ કઠિનતા નથી. પ્રાયે કરીને પ્રત્યેક બાળકના બાલ્યાવસ્થાનાં કાર્યો ઉપરથી એ જાણી શકાય છે કે તે ભવિષ્યમાં કેવા પ્રકારનો મનુષ્ય નીવડશે. જે બાળક ભવિષ્યમાં મહાન કવિ થવાનો હોય છે તે નાની વયમાંથીજ સુંદર કવિતા બનાવી શકે છે. જે ભવિષ્યમાં શૂરવીર થવાનો હોય છે તે બચપણમાં બાળકોની સેના બનાવી સેનાપતિનું કાર્ય કરે છે. તેમજ જે ભવિષ્યમાં મહાન ઠગ બનવાનો હોય છે તે બચપણમાં નજીવી વસ્તુઓની ચોરી કરી પોતાનો પહેલો પાઠ શીખે છે. કહેવાની મતલબ એ છે કે કોઇની બાલ્યાવસ્થાનાં કાર્યો અને પ્રવૃત્તિઓ જોઇને એટલું સરલતા પૂર્વક જાણી શકાય છે કે તે બાળક આગળ ઉપર કેવા પ્રકારનો મનુષ્ય થશે.

અમુક બાળકની શુભ પ્રવૃત્તિ કઇ દિશામાં છે તે જાણ્યા પછી સૌથી આવશ્યક કાર્ય એ રહે છે કે તેને તે કાર્યમાં સંગીન શિક્ષણ મળવું જોઇએ. પોતાની સ્વાભાવિક પ્રવૃત્તિઓને અનુકૂળ, યોગ્ય અને ઉદાર શિક્ષણ મેળવવાથી મનુષ્ય પોતાના વ્યવસાયમાં થોડા પરિશ્રમે સર્વશ્રેષ્ટ બની શકે છે. હા, કોઇ વખત એવું પણ જોવામાં આવે છે કે કોઇ મનુષ્યના ભવિષ્ય–જીવનનું પૂર્વ પ્રતિબિંબ તેની બાલ્યાવસ્થામાં સ્પષ્ટ દ્રષ્ટિગત થતું નથી, પરંતુ એવા અપવાદાત્મક ઉદાહરણ ઘણા થોડા હોય છે.

જેવી રીતે આ સૃષ્ટિમાં પ્રત્યેક વસ્તુમાં અમુક અમુક વિશેષ ગુણ રહેલો હોય છે, તેવીજ રીતે પ્રત્યેક મનુષ્યમાં પણ અમુક વિશિષ્ટ કાર્ય કરવાની શક્તિ અવશ્ય રહેલી હોય છે. એ શક્તિ અથવા સ્વાભાવિક પ્રવૃત્તિ કોઇ વિશિષ્ટ અવસ્થામાં અથવા પરિસ્થિતિમાં કદાચ માલુમ ન પડી શકે, પરંતુ એ એવી દ્રઢ અને ઉત્કટ હોય છે કે તે સ્વયમેવ પ્રકટ થઇ જાય છે. કોઇથી છુપાવી શકાતી નથી.

આપણે આપણી રૂચિ અને પ્રવૃત્તિ અનુસાર કોઇ વ્યવસાય પસંદ કરી લઇએ ત્યારપછી આપણે તેમાં હજારો બાધાઓ નડે તોપણ તેને વળગી રહેવું જોઇએ. ઘણે ભાગે યુવાવસ્થામાં કંઇક કષ્ટ, ઉદાસીનતા અથવા અકૃતકાર્યતા આવી પડવાથી યુવકગણ હતાશ બની જઇને પોતાનો ઇચ્છિત વ્યવસાય એમ સમજીને તજી દે છે કે કદાચિત્ આપણે બીજા વ્યવસાયમાં જોડાવાથી અધિક સફલીભૂત થશું; પરંતુ એ એક ગંભીર ભૂલ છે.

આપણા માટે સર્વદા એટલું જરૂરનું છે કે આપણે જે ધંધો આપણા માટે એકવાર પસંદ કરી લીધા પછી તેને કદી પણ છોડવો જોઇએ નહિ, તેને દ્રઢતાપૂર્વક વળગી રહેવું જોઇએ. જીવન–સંગ્રામમાં વિજય,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રાપ્તિને અર્થે આપણી પ્રવૃત્તિઓને અનુકૂળ વ્યવસાય પસંદ કરવાની જેટલી આવશ્યકતા રહેલી છે, તે કરતાં વધારે તેને દૃઢતા પુર્વક વળગી રહેવાની છે. કઠિનતાઓ ઉપસ્થિત થાય તો પણ એમ વિચારવું તે મૂર્ખાઇ ભરેલું છે કે આપણે કોઈ બીજા વ્યવસાયમાં વધારે સફલ થયા હોત, જ્યારે પોતાનો વ્યવસાય તજી દઇને બીજા ધંધામાં જોડાવાને મન લલચાય છે, ત્યારે તેને બીજા ધંધાના કેવળ ગુણ અને લાભજ દૃષ્ટિગત થયા કરે છે અને ચાલુ ધંધાના કેવળ દોષ તથા હાનિજ દૃષ્ટિએ પડે છે, પણ એ સંભવિત નથી. આપણે જે ગુલાબ લેશું તેમાં કાંટા તો હશેજ. એટલા માટે આપણે એકવાર નિશ્ચિત કરેલો વ્યવસાય સમજણ વગર કદિ પણ તજવો જોઇએ નહિ. નહિતો 'અતોભ્રષ્ટ તતોભ્રષ્ટ' દશા થશે. તેથી આપણે કોઇપણ વ્યવસાય પસંદ કરવામાં અથવા તજી દેવામાં ચંચલતા અથવા સાહસ કરવા જોઇએ નહિ. કોઇ કોઈ વખત જ્યારે મનુષ્ય પોતાના વ્યવસાયમાં હજારો પ્રયત્ન કરવા છતાં પણ સફલ નથી થતો ત્યારે તેને પોતાનો વ્યવસાય બદલીને બીજો પસંદ કરવાની જરૂર અવશ્ય પડે છે; પરંતુ તેનાથી એ પણ સિદ્ધ થાય છે કે તેણે પોતાનો પ્રથમ વ્યયસાય પસંદ કરવામાં મોટી સ્ખલના કરી હોવી જોઇએ. એવી સ્ખલનાઓ ખરાબ સંગતિ, અચાનક ઘટના, માબાપની બુદ્ધિહીનતા અથવા અપૂર્ણ શિક્ષણ આદિ અનેક કારણોને લઇને થયા કરે છે; પરંતુ યુવાવસ્થામાં માનસિક ચંચલતા વિશેષ રહે છે. કોઇપણ કાર્ય ખુબ વિચાર અને સંપૂર્ણ સમજ પૂર્વક કરવું જોઇએ. પ્રાયે કરીને એવું પણ દૃષ્ટિગોચર થાય છે કે અનેક યુવકો એવાં કાર્યો કરે છે કે જેમાં તેઓ કદિપણ સફલ થઇ શકતા નથી; તેમજ કેટલાક યુવકો ભ્રમવશ બની પોતાનો એ વ્યવસાય તજી બેસે છે કે જેમાં સહેજ વધારે પરિશ્રમ કરવાથી તેઓ સફલતા પ્રાપ્ત કરી શકયા હોત. લક્ષમાં રાખવા જેવી વાત છે કે જે વ્યવસાય કોઇપણ દૃષ્ટિએ જેટલો વધારે સારો જણાય છે તેમાં સફલતા પ્રાપ્ત કરવા માટે તેટલાજ વધારે સમય તેમજ પરિશ્રમની પણ જરૂર છે. હા, જે રસ્તે આપણે જઇએ તે રસ્તે જો સિંહ મળી જાય તો આપણને વિચાર થાય છે કે એ રસ્તા સિવાય સંસારના અન્ય કોઇપણ રસ્તે સિંહ આવી શકત નહિ, તો તે તદ્દન સ્વાભાવિક છે; પરંતુ વિના પરિશ્રમે કાંઇ પણ મળી શકતું નથી. તેટલા માટેજ બાધાઓની સામે થઇને પણ પોતાના એકવાર પસંદ કરેલા વ્યયવસાયને દ્રઢતા પૂર્વક વળગી રહેવું એજ શ્રેયસ્કર છે. આ તત્વના આધારેજ આપણા સમાજના સઘળા વ્યવસાયો ઉચિત રીતે થયા કરે છે. તેમજ એ તત્વાનુસાર શ્રી કૃષ્ણે અર્જુનને ઉપદેશ આપ્યો છે કે—"स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः"

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ લેખ સમાપ્ત કર્યા પહેલાં વિદ્યાર્થી બંધુઓને એટલું નિવેદન–સૂચન કરવાની જરૂર છે કે તમારે તમારી ઇચ્છા અથવા આવશ્યકતાને લઈને જે વ્યવસાય કરવો પડે તેના તરફ તમારે ઘૃણાયુક્ત વૃત્તિ સેવવી જોઇએ નહિ. ઘણાએક યુવકોને પોતાની યોગ્યતાની બડાઈ માર્યા વગર સંતોષ થતો નથી. તેઓ કહ્યા કરે છે કે જો અમે એ વ્યવસાયમાં ન જોડાયા હોત તો ઘણાજ યશસ્વી થઇ શકત- તેઓની ફરિયાદજ એ હોય છે કે આપણને અપૂર્વ યોગ્યતા પ્રગટ કરવાનો અવસરજ ન મળ્યો. પોતાના સોબતીઓની સમક્ષ હમેશાં પોતાની યોગ્યતાના વિષયમાં વ્યાખ્યાન આપી એવા પ્રકારના યુવકો કહ્યા કરે છે કે " અમારે અમારી યોગ્યતાને બરબાદ કરવી પડી છે, અમારી ગ્રહદશા સારી નથી, સાધન તેમજ સંયોગ પ્રતિકૂળ છે વિગરે " પરંતુ તેમ કરવામાં તે યુવકો મોટી ભૂલ કરે છે. એ પ્રકારના પ્રલાપોને લઇને લોકો તેઓને આત્મશ્લાઘી ગણી તેનો તિરસ્કાર કરશે, કેમકે લોકોની તો એવી માન્યતા છે કે જેનામાં થોડી ઘણી આશ્ચર્યજનક યોગ્યતા વિદ્યમાન હશે તે મનુષ્ય તેને કોઈ ને કોઈ રીતે સંસારમાં અવશ્ય બતાવી આપશે. તેથી પોતાના વ્યવસાયની તુચ્છતા સંબંધી શિકાયત કરવાને બદલે તેને ઉચ્ચ તથા કુલીન બનાવવાને મનોયોગ પુર્વક પ્રયત્નશીલ રહેવાથી અધિક લાભ અને ખ્યાતિની સંભાવના રહે છે. તમારા વ્યવસાયને તમે તમારા કોઇ પાપનું પ્રાયશ્ચિત્ત ન સમજો, કેવળ કર્તવ્ય બુદ્ધિથીજ તેનાં સંપાદનમાં દત્તચિત્ત બની જાઓ. પછી સફલતા તલમાત્ર દૂર નહિ રહે એ સંશય વગરની વાત છે.

—ચાલુ

ॐ

# સામાયિક કરવા વિષે.

દેશી—જાત્રા નવાણું કરીએ વીમળગીરી. ......એ રાગ.

સામાયિક નિત્ય કરીએ હો પ્રાણી સામાયિક નિત્ય કરીએ;
કરીએ તો શિવસુખ વરીએ...........હો પ્રાણી

દુર્ધ્યાન દો ને દૂર કરીને, ધર્મનું ધ્યાનજ ધરીએ.
સમતાનો શુભ લ્હાવ લેવાને, સાવદ્ય કર્મ પરહરીએ...........હો પ્રાણી ૧
દુર્લભ નરભવ દુર્લભ આવો, ધર્મ મળે ના ફરી ફરી એ,
દોય ઘડીની એક સામાયિક, કરવાનું કેમ વિસરીએ...........હો પ્રાણી ૨
શ્રાવક નામ ધરાવી સાચું, વીર વચન અનુસરીએ,
સામાયિક દરરોજ કરીને, પુન્યની પોઠી ભરીએ...........હો પ્રાણી ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સામાયિક કરી વીકથા કરતાં, લાભ સકળને હરીએ,
તે માટે મન વશ રાખીને, દોષ ન વરીએ જરીએ............હો પ્રાણી ૪
સામાયિક છે સાચું સદાનું, નાવ ભલું ભવ દરીએ,
જો સમતાથી તે પર ચડીએ, તો ભવ સાયર તરીએ............હો પ્રાણી ૫
બત્રીશ દોષને દૂર કરીને, વ્રત વિધિથી ઉચ્ચરીએ,
મનને સુખ શાન્તિ મેળવવા, પાપ થકી ઓસરીએ.
............હો પ્રાણી સામાયિક નિત્ય કરીએ. ૬

રા. રા. **મનસુખલાલ ડાહ્યાભાઇ શાહ.** વઢવાણ કેમ્પ.

ૐ

# રાષ્ટ્રિય શાળાના અભ્યાસ ક્રમની રૂપરેખા.

( ૩ )

લે. રા. રા. મનઃસુખલાલ કિરતચંદ મહેતા.

વર્ગવાર ક્રમ નક્કી કરવા પૂર્વે થોડું અવાંતર વિચારનું કહેવાયું. હજી પણ શેષ કહેવા યોગ્ય છે તે કહી જઇ આપણે ક્રમ તરફ વળીએ.

(૩) બાહ્ય ક્રમ માટે ઉપર કેટલુંક સૂચવ્યું છે, તેમાં નીચેનું પણ સૂચવવા યોગ્ય છે. શાળા ઉઘાડવી, વાળવી–ઝાડવી આદિ શાળાનાં કામ વિદ્યાર્થીઓમાંથી વારા ફરતી કરવાનું સૂચવાયું છે, તેમજ હંમેશ બબ્બે વિદ્યાર્થીઓએ વારા ફરતી શાળાના અધ્યાપક માટે અધ્યાપકના ખર્ચે શાક-પાન, અનાજ વિગેરે, તેમજ શાળા માટે શાળાના ખર્ચે કંઇ જરૂરની બજાર ચીજો જોઇએ તે લાવવી. અધ્યાપકે આ ચીજો લાવવામાં આ વિદ્યાર્થીઓની સાથે રહેવું. આથી ક્રય–વિક્રયની કેળવણી સીધી આડકતરી રીતે વિદ્યાર્થીઓને મળતી રહેશે અને હાલ મૅટ્રિક કે ગ્રૅજ્યુએટ થયેલાઓમાં પાઇનું શાક ખરીદતાં પણ કળાકળ નથી દેખાતી અને ખોટાં માન–શરમ તેમને નડે છે, તે ફરિયાદ દૂર થશે. વિદ્યાર્થીઓ પુસ્તકના કીડારૂપ ગોખણીઆ વેદીયા ઢોર જેવા નહિં રહે. વળી આ બજારમાંથી લાવવાની ચીજો બહુ બોજો ન હોય તો આ વિદ્યાર્થીઓએજ શ્રીમંત–નિર્ધનના ભેદ વિના ઉપાડવી. આ પણ કસરત કરવાના શ્રમ ઉઠાવવાની શક્તિ હાંસલ થવાના અને ખોટી શરમ દૂર થવાનાં કારણરૂપ થશે. શરીર તંદુરસ્તી માટે પણ સારૂં થશે અને " મૅટ્રિક માંદા ના મટે, " " બી. એ. થયા બે હાલ. " નો અપવાદ દૂર થશે.

વળી અધ્યાપકનું ઉપલું, તેમજ બીજું ઘર કામ પણ વારાફરતી શ્રીમંત–નિર્ધનના ભેદ વિના વિદ્યાર્થીઓ કરે તેથી ધર્મનું મૂળ જે વિનય ગુણ તે પણ સારીરીતે કેળવાશે. અધ્યાપક કે માતા–પિતા આદિ ગુરૂ વર્ગને નમસ્કાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરવો એટલામાંજ વિનયની સમાપ્તિ નથી થતી. શુદ્ધ અંતઃકરણથી, મનસા—વાચા—કર્મણા તેમની આજ્ઞા ઉઠાવવી. તેમનું દોડી ઉત્સાહભેર કામ કરવું. તેમના પ્રતિ બહુ માન હોવું એ વિનય છે; અરસ્પરસના વ્યવહારમાં સભ્યતા એ વિનય છે. અને એ વિનય વડે વિદ્યા શોભે છે; એ વિનય વડે વૈરી પણ વશ થાય છે; એ વિનય-વડે કર્ણની પેઠે વિદ્યા હાંસલ થાય છે અધ્યાપકોએ પણ એ વિનયને યોગ્ય, વિન-યને પાત્ર થવું જોઇએ; નહિં તો તે અધ્યાપકની ગણનામાં ન આવી શકે.

વિદ્યાર્થીઓ કે અધ્યાપકમાંથી કોઈ શરીર ધર્મને લઇ કદાચ માંદગી વશ થાય તો અથવા તેમને ત્યાં વ્યવહારમાં સારા માઠા પ્રસંગ આવે તો તેમાં સારવાર, સહાનુભૂતિ, યથાશક્તિ મદદ આદિ કરવા ટેવ પાડવી. આ પણ એક વ્યવહારૂ કેળવણી છે અને પરમાર્થમાં તે પરિણમે છે.

વળી કોઈ કોઇ અધ્યાપકે નક્કી કરેલા, કે નક્કી કરે તે દિવસોએ વિદ્યાર્થી-ઓએ ઉઘાડે પગે ટાઢ—તડકામાં જવું—આવવું; નક્કી કરેલા કે નક્કી કરે તેવા દિવસે એકાશન ( એક વખત ભોજન ) લેવું. ઇત્યાદિ ચર્યા પણ તેના મનનો કસ કાઢી તેમને મજબૂત કરનાર સાધન છે અને વ્યવહાર પરમાર્થની કેળવણીનું અને તપના લાભનું કારણ છે.

વળી મોટું શહેર હોય તો પોતાની શેરી (પોળ કે પાડો) નું અને નાનું ગામ હોય તો ગામની રક્ષા કરવાનું, તેની ચોકી કરવાનું મોટા વિદ્યાર્થીઓએ શ્રીમંત નિર્ધનનો ભેદ રાખ્યા વિના વારાફરતી પોતાના શિર લેવાનો ક્રમ જરૂરનો છે. આ પણ શૌર્ય—હિમ્મત—બહાદુરી, અબળા રક્ષણ ( Chivalry ) આદિ ગુણો પ્રક-ટાવી, વિકસાવનાર કેળવણી છે. (ચાલુ)

[ આ માસિક પ્રાયઃ જૈનોને લગતું છે અને આ વિષય સાર્વજનિક છે, તથાપિ આ કૌંસમાં વર્ત્તમાનમાં કેળવણી આપતી જૈન સંસ્થાઓને ઉદ્દેશીને પણ કાંઈ વિશેષ કહેવા યોગ્ય છે. મુંબઇમાં વ્યવહાર અને ધર્મનું જ્ઞાન આપનારી બે ત્રણ જૈન પાઠશાળાઓ છે; તેમજ વિદ્યાર્થીઓનાં વસતીગૃહ પણ છે. સુરતમાં પણ તેવાં પાઠશાળા અને વસતીગૃહ છે. અમદાવાદ, મેસાણા, ભાવનગર, પાલીતાણા આદિમાં પણ છે. તે પાઠશાળા તથા વિદ્યાર્થી વસતીગૃહના ચાલકો આ વિષયનું મહત્ત્વ વિચારી તે પ્રમાણે યથાયોગ્ય કરવા ધારે તો થઇ શકે તેમ છે. અને એમ થાય તો ભાવિકાળે સારા જૈન વિદ્યાર્થીઓની, શુરવીર ઓલાદની આશા રાખી શકાય તેમ છે. ભાઇ વેણીચંદ સુરચંદ આદિએ ઘણી પાઠશાળાઓ, પ્રતિક્રમણા-દિના શિક્ષણ માટે ઉભી કરાવી છે. ઘણાં વરસ થયાં તે કામ ચાલે છે. તે માટે તે સારો દ્રવ્ય વ્યય પણ કરાવે છે—કરે છે, તથાપિ ધારેલ હેતુ બર આવતો નથી,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અથવા કાંઇ લક્ષજ નહિં ધારેલ હોવારૂપે એ પ્રયાસ છે, એટલે લક્ષ વિનાના બાણુ રૂપે એ નિષ્ફળ જાય છે. તેના બદલે લક્ષ–ધ્યેય, સાધ્ય, હેતુ વિચારી, નક્કી કરી આ વિષયમાં જણાવેલી વા બીજી કાર્યકૃત રીતે ભલે થોડી વા એકજ શાળા માટે વ્યય થાય, પણ જોઇએ તે પ્રકારે સાધ્ય–સાધન લક્ષગત કરી તે પ્રમાણે થાય તો થોડા ખર્ચે–અલ્પ સમયમાં સારૂં–ઇષ્ટ પરિણામ દેખવાનો અવસર પ્રાપ્ત થવા યોગ્ય છે. વિવેકની અને ઉત્સાહ–ધૈર્યની જરૂર છે. અત્યારે મહાત્મા ગાંધીજીની ચર્ચા, તેનું વર્ત્તન, તેનો ઉપદેશ આદર્શરૂપ, માર્ગદર્શક, અનુકરણીય છે; વિવેક પૂર્વક અનુકરણીય છે. અંધશ્રદ્ધાએ નહિં, બધા અનુસરે છે માટે એમ નહીં, પણ પરીક્ષા પૂર્વક, બધી રીતે તે અનુકરણીય છે એવા નિર્ણય પૂર્વક, એવી પ્રતીતિપૂર્વક અનુસરવાયોગ્ય છે. જૈન ઉપદેષ્ટાઓએ વિચારી પ્રચારવા યોગ્ય છે. આટલું કેળવણી આપતી જૈન સંસ્થાઓ અંગે અવાંતર કહેવાયું. ]

મનસુખલાલ કિરતચંદ મેતા.

ૐ

# મુંબઈનું પાણી લાગવું.

અથવા

## એક પ્રકારનો ક્ષય.

( લે.–મનસુખલાલ કિરતચંદ મહેતા—મોરબી )

આજે આજના એટલે તા. ૫–૨–૨૨ રવિવારના જૈન પત્ર સાથે વહેંચાયેલું મુંબાઇની જૈન સેનિટરિ એસોસિએશનનું ક્ષયની સ્થિતિ દેખાડનારૂં સચિત્ર હેંડ બિલ જોયું. તેથી આ વિષયનો ઉપક્રમ થાય છે. મુંબઇની જૈન સેનિટરી એસોસિએશન એક બહુ ઉપયોગી અને ધાર્મિક કાર્ય બજાવી રહેલ છે, એ આનંદ વાર્ત્તા છે. મુંબઇ–પરેલમાં જૈન વસતીગૃહ રૂપે એક ચાલ તેણે રાખી લીધી છે અને જૈન ભાઇઓને ભાડે રહેવાની જોગવાઇ કરી આપે છે તે સ્તુત્ય છે, તંદુરસ્તી અને ભાડાની દૃષ્ટિએ એસોસિએશને ધારેલ હેતુ એ ચાલથી બર નથી આવતો, તો પણ શરૂઆત કરી છે તે સારૂં કર્યું છે કે જેના અનુભવથી ભવિષ્યમાં ઉદ્દેશ બર લાવવા કેમ કરવું તેની ખબર પડી શકે. એસોસિએશનનો મૂળ ઉદ્દેશ તો વસતીનું આરોગ્ય રક્ષણ પામે અને ભાડાનો બોજો તેના પર ઓછો પડે એ લાગે છે. અને તેજ રાખના યોગ્ય છે. આટલા પ્રસ્તાવ પછી શિરો ભાગ ઉપર મૂકેલ વિષય ઉપર આવીયે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અમુક અમુકને મુંબઈનું પાણી લાગ્યું અને તેથી દેશમાં ( સ્વ-વતનમાં ) પાણી ફેરે આવેલ છે, એવી ફરિયાદ ઘણી સાંભળીયે છીએ. અને ખાસ કરીને ઘણા કાઠિયાવાડીઓની સાંભળીયે છીએ. અને તેમાં પણ જૈનોની વિશેષતા દેખાય છે. આપણે વાત મુંબઈની કરીએ છીએ, પણ મુંબઈમાં હિંદમાંના બધા જૈન ક્ષેત્રોના થોડા-ઝાઝા પણ જૈનો રહેતા હોવાથી આ વિષય સર્વ જૈનને લગતો તેમજ સાર્વજનિક હિતનો થઈ પડે છે. " મને કે અમુકને " મુંબઈનું પાણી લાગ્યું એટલે શું ? એનું કારણ શું ? અને તે કેમ ટળે એ આપણે બારિકીથી જોવાનું છે.

( ૧ ) મુંબઈનું પાણી લાગવું—આનો વિચાર કરતાં આપણને સહજ પ્રશ્ન ઉઠે છે કે શું મુંબઈનું પાણી ખરાબ છે ? ને મુંબઈનું પાણી ખરાબ હોય તો મુંબઈમાં વસતા દશ લાખ માણસો જે તેનો ઉપયોગ કરે છે, તે બધાને થોડું ઝાઝું પાણી લાગવું જોઈએ. તેમ તો દેખાતું નથી. જો કે એક વિચારે મુંબઈનું કુવાનું અને નળનું પાણી દુષિત કહી શકાય. કુવાનું પાણી નળના પાણી કરતાં વધારે સારૂં એવો ઘણા અનુભવિઓનો મત છે, તથાપિ મુંબઈમાં બંને પાણી દુષિત હોવાનાં કારણમાં મુખ્ય મુંબઈની ભોંયમાં તેના ભૂગર્ભમાં--પેટમાં પચી રહેલ ભેજ અને નળ તથા કુવા પાસેના સંડાસ અને મેલનો થતો સ્થૂલ અને સૂક્ષ્મ સંયોગ એ છે. એથી પાણીના રજકણો દુષિત થાય એ સ્વાભાવિક છે. વળી બંધીઆર ( જેને હવા-અજવાળું ન પહોંચે અથવા ઓછા પહોંચે એવા ) કુવા અને જોઈતા પ્રમાણમાં નહીં ગળાયલું નળનું ગંદુ પાણી એ પણ દુષિત થવાનું કારણ છે. આની અસર મુંબઈની વસતી ઉપર થોડી ઝાઝી રહેલ છેજ. અને આનો ઉપાય તો ત્યાંના આરોગ્ય રક્ષક ખાતાએ કરવાનો છે અને વસતી સમજી શકે અને કરે તો પીવાના વપરાશ માટે ઉકાળેલું પાણી વાપરવું એ છે. પણ આ પ્રસ્તુત વિષય કાંઇક જુદો છે.

મુંબઈનું પાણી લાગવું એટલે ચહેરો કુમાઈ જવો, પીળો થઈ જવો, લોહી ઉડી જવું, થેથર-સોજા દેખાવા, અજીર્ણ થવું, અને તેથી નબળાઇ આવવી એ છે. આવા ચહેરા દરેક વાંચનાર કલ્પી શકશે, અને ઘણે ભાગે દરેકને એવા ચહેરા જોવાનો અનુભવ હશે. શરીરનાં આવાં લક્ષણ એ એક પ્રકારનો ક્ષયજ, ધાસણી, પાંડુ છે. અને તેમાં ઉપર શરૂઆતમાં જણાવેલ મુંબઈના દુષિત પાણી પણ કારણ રૂપ છે. તથાપિ તેને વિશેષ પણે પોષનાર બીજાં નીચે જણાવેલાં કારણો છે. જેનો ખ્યાલ રાખી તે દૂર કરવા જૈન વસતીએ તથા મુંબઈ જૈન સેનિટરિ એસોસિએશને લક્ષ આપવા યોગ્ય છે.

( ૨ ) પાણી લાગવાનાં કારણો—આનાં મુખ્ય બે કારણો છે. (૧) અકુદરતી ચર્યા અને (૨) નિર્ધનતા એટલે સાધનનો અભાવ કે તેની ઓછાશ. જૈનોના મુકુટમણિ ડાહ્યા આચાર્યોએ તો કુદરત અને આરોગ્યને લક્ષમાં રાખી તેને અનુ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સરી જૈનોની દીન–રાત્રિ આદિ ચર્યા તથા ધાર્મિક ક્રિયાઓ યોજી છે; કારણકે તનની અસર મન ઉપર અને મનની અસર આત્મા ઉપર એ સ્વાભાવિક છે. અને આત્મહિત માટે તન–મન બંને આરોગ્યવાળાં–નિરોગી હોવાં જરૂરનાં છે. એટલે એ મુદ્દો લક્ષમાં રાખી આચાર્યોએ આરોગ્ય રક્ષક, આરોગ્યપ્રદ ચર્યા ઉપદેશી છે; પણ વર્તમાન જૈનોના મોટા ભાગને કુદરતી કાનુનનો અને આરોગ્યના નિયમનો પ્રાયઃ ઘણો ઓછો બોધ છે,–અને આચાર્યોએ યોજેલી પ્રણાલીના આશય તેમને સમજાયા નથી. એટલે અકુદરતી ક્રમ સેવાય અને માંદગી રૂપે તેનાં પરિણામ ભોગવવાં પડે એ સહુજ છે મુંબઇ પ્રાયઃ મોહિનીનું ધામ છે. નાટક–સિનેમા આદિ જોવા તે અંગે સમયને જરૂરની ઉંઘ વેચવી, મોહિનીના સ્થાનમાં સંગ દોષે ભુખ કે તરસ ન હોય છતાં અથવા ભુખ–તરસનાં ખાલી ઘર કરી બેઠેલા ખ્યાલને લઇ હોટેલમાં જઇ આરોગ્ય હાનિકર ખાન–પાન લેવાં, મીતાહાર ત્યજવો, ખાધા ઉપર ખાવું, સ્વાદેંદ્રિયને વશ થવું, અને તેથી મનની નિર્બળતા વધતી જવી; અને પાછાં મનની નિર્બળતાને લઇ તનની નિર્બળતા વધતી જવી અને અજીર્ણ રૂપે શરીરમાં રોગનું "પાણી લાગવાનું" બીજ રોપાઇ તે વખત જતાં પાંડુ ક્ષય આદિરૂપે પ્રકટ થવું–એ સ્વાભાવિક છે.

(૧) જૈનોનાં "સાહુમ્મીવચ્છલ" આદિનાં વિવેક વિનાના જમણવાર, તેમાં રાખવી જોઇની શૌચ–પવિત્રતા આદિ પ્રત્યેની બેદરકારી એ પણ ઉમેરો કરે છે. (આ અને જૈનીય ચર્યા અને ક્રિયાકાંડમાં તન–મનના આરોગ્ય રક્ષક, તેમને આરોગ્યદાયક રહસ્યના જુદા વિષય ચર્ચવા યોગ્ય છે.)

(૨) જૈનોની નિર્ધનતા—જૈન એક ધનાઢય કોમ ભલે ગણાતી હોય, પણ અમુક શ્રીમંતો સિવાય મોટો ભાગ નિર્ધન અથાત્ જીવનચર્યા–જીવનનિર્વાહને પુરતાં સાધનોની જોગવાઇથી રહિત છે એમ કહેવું ખોટું નથી. જો કે આનું આ નિર્ધનતાનું કારણ પણ ઉપર જણાવ્યું તેમાં આવી જાય છે.

(૩) એ કારણો ટાળવાના ઉપાયઃ—

(૧) મુંબઇની જૈન સેનિટરિ એસોસિએશન જેવી સંસ્થા; તે દ્વારા આરોગ્ય સંબંધી બોધ આપનારાં સાહિત્યનો પ્રચાર.

(૨) વ્યાખ્યાતા સાધુઓ, ઉપદેશકોએ કુદરતી કળ, આરોગ્ય શાસ્ત્ર, ક્રિયા આદિના રહસ્ય સમજી વિચારી તેનો ઉપદેશ, તેના વ્યાખ્યાન આપવા.

(૩) જૈન સમૂહે પોતે આરોગ્ય શાસ્ત્રનો અભ્યાસ કરવો, તેના નિયમો જાણી અમલમાં આણવા એ આદિ છે.

આ વિષય ઉપયોગી હોઇ વિશેષ છણવા યોગ્ય છે. આ અંગે મહાત્મા ગાંધીજીએ લખેલ આરોગ્ય શાસ્ત્ર શ્રાદ્ધ–શ્રમણ બધાંએ વાંચી, વિચારી અમલમાં આણવા યોગ્ય છે. ઇતિશમ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વર્તમાન સમાચાર.

## જાહેર મેળાવડો.

પાટણ શહેરની તમામ જૈન સંસ્થાઓનો મેળાવડો તા. ૧૫-૧-૨૨ ના રોજ શેઠ કોટાવાળાની ધર્મશાળામાં **પરમપૂજ્ય શ્રી હંસવિજયજી મહારાજના** પ્રમુખપણા નીચે ભરવામાં આવ્યો હતો.

શરૂઆતમાં શેઠ ચુનીલાલ સાંકળચંદ જૈન કન્યા તથા શ્રાવિકાશાળાની બાળાઓએ અને શ્રી પાટણ જૈન મંડળ બોર્ડિંગ તથા શ્રી રત્નવિજયજી જૈન પાઠશાળાના વિદ્યાર્થીઓએ મંગળાચરણ સ્તુતિઓ વિગેરે કર્યાં હતાં વળી ઉક્ત બોર્ડિંગ તથા કન્યાશાળાના વિદ્યાર્થીઓએ અનુક્રમે "પ્રતાપી-ભામાશાહ," તથા "દેવદર્શન અને ગુરૂવંદન" વિષેનો ધાર્મિક સંવાદ કરી બતાવી સર્વ સભાનાં મન આકર્ષ્યાં હતાં.

બાદ પૂજ્ય શ્રી હંસવિજયજી મહારાજના પ્રશિષ્ય શ્રી કર્પૂરવિજયજી મહારાજે નીચે પ્રમાણે રીપોર્ટ વાંચી સંભળાવ્યો હતો.

શ્રીયુત્ શેઠ જેશંગભાઇ ઝવેરચંદ ગુમાનચંદની પ્રેરણાથી અને પૂજ્ય ગુરૂશ્રીની આજ્ઞાથી પાટણ શહેરની તમામ જૈન સંસ્થાઓની ધાર્મિક પરિક્ષા તા. ૨૦-૧૨-૨૧ થી તા. ૩-૧-૨૨ સુધીમાં મારા હસ્તક લેવામાં આવી છે, જેનું સંસ્થાવાર પરિણામ નીચે પ્રમાણે આપ્યું છે.

### પાટણ જૈન મંડળ બોર્ડિંગ.

| રજીષ્ટર સંખ્યા | હાજર સંખ્યા | પાસ સંખ્યા | પરિણામ સેંકડે |
|---|---|---|---|
| ૨૫ | ૨૪ | ૨૦ | ૮૩-૩ |

**નોટ**—વધુ અભ્યાસ નવતત્ત્વ ગાથા ૩૦ સુધી અર્થ. વ્યવહારિક કેળવણીનો બોજો વિશેષ છે. શિક્ષકનો પ્રયાસ અને ઉત્સાહ શ્રેષ્ઠ. પરિણામ સારૂં

### પાટણ શેઠ ચુનીલાલ સાંકળચંદ જૈન કન્યા તથા શ્રાવિકાશાળા.

| ધોરણ | રજીષ્ટર સંખ્યા | હાજર સંખ્યા | પાસ સંખ્યા | પરિણામ. |
|---|---|---|---|---|
| ૫ | ૧૭ | ૧૩ | ૧૦ | ૭૬-૯ |
| ૪ | ૨૦ | ૧૨ | ૯ | ૭૫-૦ |
| ૩ | ૩૪ | ૩૧ | ૨૦ | ૬૪-૫ |
| ૨ | ૨૬ | ૨૨ | ૨૨ | ૧૦૦-૦ |
| શ્રાવિકા કલાસ. | ૧૧ | ૮ | ૮ | ૧૦૦-૦ |
| એકંદર | ૧૦૮ | ૮૬ | ૬૯ | ૮૦-૨ |

**નોટ**—વધુ અભ્યાસ ત્રણ કર્મગ્રંથ તથા શત્રુંજય પ્રકરણ ને ગૌતમકુળક, મૂળ બે પ્રતિક્ર૦ જીવવિ૦ નવતત્વ તથા બે કર્મગ્રંથ એટલું સાર્થ, સંસ્કૃત માર્ગોપદેશિકા ભાગ ૧ લાના પાઠ ૨૦ તથા જૈન પ્રવેશ પોથી અને જૈન માર્ગ પ્રવેશિકાના ભાગો વિગેરે.

અભ્યાસક્રમની સંકલના સારી ધોરણસર તેમજ એકંદર પરિણામ સારૂં અને તે શિક્ષકના પ્રયાસ તથા ઉત્સાહને આભારી છે. એકંદર દરેક સંસ્થાઓ કરતાં સદર સંસ્થા પ્રતિ સારો સંતોષ પ્રગટ થયો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## શ્રી દીવાળીબાઇ શ્રાવિકા ઉદ્યોગશાળા.

| ધોરણ | રજીષ્ટર સંખ્યા | હાજર સંખ્યા | પાસ સંખ્યા | પરિણામ. |
|---|---|---|---|---|
| ૪ | ૭ | ૭ | ૫ | ૭૧–૪ |
| ૩ | ૧૩ | ૭ | ૩ | ૪૨–૯ |
| ૨ | ૩૦ | ૨૨ | ૧૩ | ૫૯–૧ |
| ૧ | ૧૩ | ૬ | ૧ | ૧૬ ૭ |
| એકંદર | ૬૩ | ૪૨ | ૨૨ | ૫૨–૪ |

નોટ—વધુ અભ્યાસ ચાર કર્મગ્રંથ, સિંદૂર પ્રકરણ અને શત્રુંજય પ્રકરણ મૂળ, બે કર્મગ્રંથના અર્થ તથા દશવૈકાલીકનાં અધ્યયન ૩.

કેટલાક ધોરણોનું પરિણામ સંતોષકારક નથી. અશુદ્ધિ તથા અપકવતા, તે તરફ લક્ષ આપવાની જરૂરછે. એકંદર ઠીક.

## શ્રી રત્નવિજયજી જૈન પાઠશાળા. ( ઠે૦ ખેતરવશી. )

| રજીષ્ટર સંખ્યા | હાજર સંખ્યા | પાસ સંખ્યા | પરિણામ. |
|---|---|---|---|
| ૧૬ | ૧૩ | ૧૩ | ૧૦૦–૦ |

નોટ—વધુ અભ્યાસ નવતત્વ સુધી મૂળ. બે પ્રતિક્ર૦ તથા જીવવિ૦ ના અર્થ ઉપરાંત વિધિઓ, ભાવનાઓ અને સ્તવનો વિગેરે. દેખરેખ સારી, ફંડની જરૂર. પરિણામ અને શિક્ષણ પ્રયાસ શ્રેષ્ઠ.

## શ્રી સાગરગચ્છના ઉપાશ્રયની પાઠશાળા. ( ઠે૦ મણીઆતી પાડો. )

| રજીષ્ટર સંખ્યા | હાજર સંખ્યા | પાસ સંખ્યા | પરિણામ. |
|---|---|---|---|
| ૨૮ | ૨૭ | ૨૭ | ૧૦૦–૦ |

નોટ—વધુ અભ્યાસ સકલાર્હત્ સુધી મૂળ.

આર્થિક મદદની જરૂર, શિક્ષણ પ્રયાસ અને પરિણામ શ્રેષ્ઠ.

## શ્રી રાચકાવાડાની જૈન પાઠશાળા. ( ઠે૦ ચોખાવટીનો પાડો. )

| રજીષ્ટર સંખ્યા | હાજર સંખ્યા | પાસ સંખ્યા | પરિણામ. |
|---|---|---|---|
| ૫૦ | ૩૬ | ૨૮ | ૭૦–૮ |

નોટ—અપકવતા અને અશુદ્ધિ તરફ લક્ષ આપવાની જરૂર. પરિણામ સારૂં. ( વધુ અભ્યાસ–પંચ પ્રતિક્રમણ સુધી મૂળ. )

પ્રસંગે ઉક્ત મુનીરાજે કેળવણીની જરૂરીઆત, ધાર્મિક કેળવણીની ઉચ્ચતા અને આવશ્યકતા તથા શિક્ષણ પદ્ધતિ કેવી હોવી જોઇએ વિગેરે મુદ્દાઓ સારી રીતે ચર્ચી સભાજનોને કેળવણી અને તેમાં પણ ધાર્મિક કેળવણીની આવશ્યકતા સિદ્ધ કરી બતાવી હતી, વળી શ્રી હેમચંદ્રાચાર્ય જૈન લાયબ્રેરી સંબંધી બોલતાં તેના હાલની સ્થિતિ અને તેને ઉત્તેજીત કરવામાં સ્વદ્રવ્યનો સદુપયોગ કરવા માટે સખી ગૃહસ્થોને સારો બોધ આપ્યો હતો. જેની અસર થતાં શેઠ જેશંગભાઇ ઝવેરચંદે ઉક્ત લાયબ્રેરીનું મકાન બાંધવા જો ટીપની શરૂઆત થતી હોય તો રૂા. ૧૦૦૦) અંકે એક હજાર તથા જો લાયબ્રેરીના સંચાલકો રકમ ભેગી કરી મકાન બાંધતા હોય તો પોતાની ટાંગડીઆવાડાવાળી જગ્યા આપવા ઇચ્છા બતાવી હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બાદ ટાઇમના સંકોચને લઇ પ્રમુખ શ્રીએ પોતાનું લેકચર શરૂ કરી–કેળવણી એટલે શું ? તેના પ્રકાર, તેની ઉપયોગીતા, વ્યવહારીક કેળવણીને અંગે અપાતા હુન્નર ઉદ્યોગના શિક્ષણ ક્રમમાં ધાર્મિક ઉપકરણો જેવાં કે નવકારવાળી ગુંથવી, ઓઘાનાં પાડાં તથા ચંદરવા, પુંઠીઆં વિગેરે ભરવાં આદિ શિક્ષણ ઉપયોગી હોઇ તે દાખલ કરવાની જરૂર, ચાલુ શિક્ષણ પદ્ધતિનું દિગ્દર્શન, તેમાં કરવો જોઇતો સુધારો, પ્રતિક્રમણાદીક આવશ્યક ક્રિયાઓનું ફળ, શિક્ષણ સહેતુક તથા પ્રેકિટસવાળું હોવું જોઇએ વિગેરે વિગેરે ઉપયોગી મુદ્દાઓ ઉપર સારૂં વિવેચન કર્યું હતું.

બાદ શેઠ ઝવેરચંદ ગુમાનચંદ તરફથી શેઠ સુરજમલભાઇ હસ્તે રૂા. ૨૫૦) અંકે અઢીસો રૂપીઆનું ઇનામ ( પુસ્તકો, મીઠાઇ તથા રોકડ ) દરેક સંસ્થાના વિદ્યાર્થીઓને તેમજ ધાર્મિક શિક્ષકોને વહેંચવામાં આવ્યું હતું.

છેવટ શા. લહેરચંદ ભોગીલાલે પૂજ્ય પ્રમુખશ્રીનો હાર્દિક ઉદ્‌ગારોથી આભાર માન્યા પછી સભા વિસર્જન કરવામાં આવી હતી.

## પ્રાતઃ સ્મરણીય શ્રીમાન્ મૂળચંદ્રજી મહારાજની જયંતી.

ગયા માગસર વદ ૬ના રોજ ઉક્ત મહાત્માજીની સ્વર્ગવાસ તીથી હોવાથી દરવર્ષે મુજબ આ વર્ષે પણ આ સભા તરફથી શ્રીદાદાસાહેબના મંદીરમાં શ્રીવલ્લભવિજયજી મહારાજ કૃત પંચ-કલ્યાણકની પૂજા ભણાવવામાં આવી હતી. તેમજ આ મહાત્માનો સ્વર્ગવાસ અત્રે થયેલો હોવાથી દાદાસાહેબની વાડીમાં દેરાસરના ગઢમાં દેરી તથા પગલા પ્રતિષ્ઠીત કરવામાં આવેલ છે. તેથી ત્યાં તથા મહાવીર પ્રભુની વગેરે સ્થળે સુંદર આંગી વગેરે રચાવવામાં આવેલી હતી. સવારમાં વ્યાખ્યાન વખતે અત્રે બીરાજમાન શ્રીમાન્ પ્રવર્ત્તકજી શ્રી કાન્તિવિજયજી મહારાજે ચતુર્વિધ શ્રી સંઘ સમક્ષ ઉક્ત મહાત્માના ગુણાનુવાદ તથા જીવન ચરિત્ર અસરકારક રીતે કહી બતાવ્યું હતું, વગેરેથી આ મહાત્માની ભકિત કરવામાં આવી હતી.

* * * * * *

૨ ગામ—મંડોદા જીલ્લા શાજાપુર તાબે ગ્વાલીયરથી એક ગૃહસ્થ લખી જણાવે છે કે આ ગામમાં જૈન શ્વેતાંબરી ભાઈઓનું તીર્થ છે. શ્રી ચિંતામણિ પાર્શ્વનાથજી મહારાજ પાંચ પ્રતિમાજીની સાથે સ્વપ્નું આવવાથી જમીનમાંથી દેરાસર સહિત પ્રગટ થયેલ છે તે વખતે તર-તજ પૂજા કરવામાં આવતા કેટલીક આશ્ચર્યજનક બીના બના હતી તેમજ તેનો જીર્ણોદ્ધાર કરી કલશ ચડાવવામાં આવ્યો હતો. દરવર્ષ ફાગણ શુદ ત્રીજથી શુદ ૬ સુધી ૪ દીવસ મેળો ભરાય છે. હજારો જૈન બંધુઓ આવી દર્શન, પૂજા, ભક્તિનો લાભ લે છે. જેથી તે અવસર ઉપર આવવા હિંદના દરેક જૈન બંધુઓને વિનંતિ છે. અહીં સર્વ પ્રકારનો પ્રબંધ અહીંના સંઘ તરફથી કરવામાં આવે છે. ઠેકાણું–બેરછા. રેલ્વે સ્ટેશનથી ૨૨ માઇલ અકોદીયા છે ત્યાંથી ૧૬ માઇલ આ તીર્થ મંડોદા છે. ( મળેલું )

* * * * * *

## શહેર ભાવનગરમાં અવધાનના પ્રયોગો.

આ શહેરમાં શ્રી સ્થાનકવાસી જૈન સમુદાયના મુનિરાજશ્રી રત્નચંદ્રજી મહારાજ પધારેલ હતા. જેઓ સંસ્કૃતનું તેમજ જૈનધર્મનું સારૂં જ્ઞાન ધરાવવા સાથે શતાવધાનના પ્રયોગો પણ કરી શકે છે. આ શહેરમાં ઘણા વર્ષો પહેલા શ્રીમાન્ ગટુલાલજી વૈષ્ણવ ધર્મના મહા પુરૂષે અવધાનના પ્રયોગો કર્યા પછી આ મહાત્માએ પોશ વદી ૧૦ ના રોજ ૩૫ અવધાન આ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શહેરની પ્રજા સમક્ષ કર્યા હતા. મતિજ્ઞાનના ક્ષયોપશમથી કે યોગ સાધનાથી શાસ્ત્રકાર મહારાજ કહે છે તેમ અનેક આશ્ચર્યકારક ઘટનાઓ મનુષ્ય કરી શકે છે, મુનિશ્રી રત્નચંદ્રજીને પણ આ પ્રકારનો ક્ષયોપશમ થયેલ હોવાથી બહુ સારા પ્રયોગો કર્યા હતા. જૈન મુનિઓ આટલી હદ સુધી પહોંચેલા જોઇ અમો અમારો આનંદ જાહેર કરીયે છીયે.

* * * * * *

## સ્વદેશ ઉપર ભાષણ.

ગયા માસમાં મુનિ જિનવિજયનું ભાવનગર આગમન થતાં અત્રેની જૈન કોમના ગૃહસ્થ શેઠ કુંવરજી આણંદજી, વોરા જુઠાભાઇ સાકરચંદ, શા. દામોદરદાસ હરજીવનદાસ અને શેઠ હીરાલાલ અમૃતલાલની સહીથી હેન્ડબીલ પ્રગટ કરી સ્વદેશી ઉપર ઉપાશ્રયમાં તેઓશ્રી પાસે ભાષણ કરાવ્યું હતું. જૈન કોમ ઉપરાંત અન્ય કોમની પણ હાજરી જોવામાં આવતી હતી. સાંભળવા પ્રમાણે ભાષણ બહુજ સરલ અને અસરકારક કરવામાં આવ્યું હતું.

# ગ્રંથાવલોકન અને પુસ્તક પહોંચ.

## નીચેના ગ્રંથો અમોને ભેટ મળ્યા છે. જે ઉપકાર સાથે સ્વીકારમાં આવે છે.

૧ **શ્રી મહાવીર શાસન**—ઉક્ત ગ્રંથ ઉપરોક્ત ૨૭મા પુષ્પ તરીકે પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે. જેમાં મહાવીર પ્રભુનું ટુંક ચરિત્ર સાથે જૈન ધર્મનું અહિંસાતત્વ, સાત ક્ષેત્ર સમકિતના સડસઠ બોલ વગેરે વિષયો ઉપર સારૂં વિવેચન કરેલું છે. આ ગ્રંથના લેખક મહાત્મા વિદ્વાન હોવાથી લેખનશૈલી પણ સુંદર હોય તે બનવા જોગ છે અને ગ્રંથ હિંદી ભાષામાં છે. સંસ્થાની અમો અભિવૃદ્ધિ ઇચ્છીએ છીએ.

૨ **વીર હનુમાન, રૂપકિશોર તથા શ્રીતીર્થંકર ચરિત્ર ભૂમિકા**—ત્રણ બુકો શ્રીઅંબાલા-શ્રીઆત્માનંદ જૈન ટ્રેક્ટ સોસાઇટી તરફથી ભેટ મળેલી છે. આવી લઘુ બુકો કથાનક આપી અને તે હિંદી સરલ ભાષામાં પ્રકટ કરી સાહિત્યનો વધારો કરનાર આ સંસ્થાને ધન્યવાદ આપીયે છીયે. જે દેશમાં જે ભાષાની જરૂર હતી તે જરૂરીયાત પુરી પાડવામાં આવેલ છે. મૂલ્ય પણ બહુજ અલ્પ રાખવાથી વધારે મનુષ્યો લાભ લે તે બનવા જોગ છે.

**આત્માનંદ જૈન સભા અંબાલા**—ઉક્ત સભાનો વાર્ષિક રીપોર્ટ (અકટોમ્બર ૧૯૨૦ થી ૩૦ ડીસેમ્બર જાનેવારી સુધીનો) અમોને મળેલો છે. આ સભાને સ્થાપન થયા સુમારે દશ વર્ષ થયેલ હોવાથી એક દશકામાં પોતાના ઉદ્દેશ પ્રમાણે ઉપદેશક, લઘુ ગ્રંથો, ધાર્મિક તથા સામાજિક ૫૩ પ્રસિદ્ધ કર્યા છે. તે ઉપરથી તેમની ગુરૂભકિત યાને સાહિત્યનો ફેલાવો કરવાની તીવ્ર ઉત્કંઠા જણાઇ આવે છે. આ સંસ્થાના મુખ્ય પુરૂષો કેળવાયેલ તેમજ ગુરૂ ભકત હોવાથી ચાલુ જાગ્રતિ હોય એ બનવાજોગ છે. વિદ્યા પ્રચાર માટે શ્રી આત્માનંદ જૈન હાઇસ્કુલ અને આત્માનંદ જૈન કન્યાશાળા અને વાંચનાલય પણ સાથે સાથે આ સંસ્થા ચલાવે છે તેને માટે સ્કુલ કમીટી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ અલગ નીમવામાં આવેલ છે. તે દરેક ખાતાનો હિસાબ આ રીપોર્ટમાં મુકવામાં આવેલો છે. તે બરાબર છે, આ સંસ્થાની અમો અભિવૃદ્ધિ ઇચ્છીએ છીએ અને સર્વ પ્રકારની મદદ જૈન બંધુઓ આપશે, એમ સૂચના કરીએ છીએ.

| | |
|---|---|
| ૧ વીર હનુમાન.<br>૨ તિર્થંકર ચરિત્ર ભૂમિકા.<br>૩ રૂપકિશોર. | શ્રી આત્માનંદ ટ્રેકટ સોસાઇટી, અંબાલા. |
| ૪ કુમારપાળ પ્રતિબોધ.<br>૫ ગણુ–કારિકા.<br>૬ વાશગૃહ્ય સૂત્ર.<br>૭ કવિન્દ્રાચાર્ય સૂચીપત્ર.<br>૮ સંગીત–મકરન્દ. | ધી ગાયકવાડ ઓરીયન્ટલ સીરીઝ, વડોદરા |
| ૯ ગિરનારમંડન શ્રી નેમીનાથજીની અષ્ટોત્તર શત્ પ્રકારી પૂજા. | શ્રી હંસવિજયજી જૈન લાયબ્રેરી, વડોદરા. |

૧૦ ઓલ ઇંડીયા કોંગ્રેસ કમીટીની સબ કમીટીનો પંજાબના રમખાણો વિષે રજુ કરવામાં આવેલી જુબાનીઓ.

૧૧ ઉપરોક્ત કમીટીનો પંજાબના રમખાણોની તપાસનો હેવાલ. બંને બુકો શાહ ઝવેરચંદ મગનલાલ તરફથી ભેટ.

| | |
|---|---|
| ૧૨ શ્રી વીર પ્રભુકા વિહાર. ચિત્રપટ કીં. ૦–૮–૦<br>૧૩ શ્રી મહાવીર પ્રભુકા પારણા. ,, કીં. ૦–૪–૦ | શ્રી. જૈ. શ્વે. ઓસવાળ પુસ્તકાલય, ચૌક—લખનૌ. |

૧૪ ધી જૈન સેનિટરી એસોસીએશન, સં. ૧૯૭૬–૭૭ નો રીપોર્ટ—મુંબઇ.

# સ્વર્ગવાસ.

શ્રીમદ્ વિજયાનંદસૂરિજી ( આત્મારામજી ) મહારાજના શિષ્ય પ્રમોદવિજયજી મહારાજના શિષ્ય મુનીશ્રી અમૃતવિજયજી મહારાજ જેઓ મુળ વતની ધાંગધ્રાના હતા અને જેમણે સંવત ૧૯૪૦ ની સાલમાં દિક્ષા લીધી હતી તેઓશ્રી પોશ વદી. ૨ રવીવારના રોજ સવારે આઠ વાગે દેરાસરજીમાંથી ચૈત્યવંદન કરીને આવતાં સમાધી પૂર્વક કાળધર્મ પામ્યા છે. તેઓશ્રી સ્વભાવે શાંત–સરલ અને ઉચ્ચ ચારિત્ર પાલક અને સારા વિદ્વાન હતા તેમણે તેમના શિષ્ય કીર્ત્તિવિજયજી મહારાજને ઉચ્ચ સંયમ પાળવાનો બોધ અંતીમ વખતે આપ્યો હતો.

મુનિ મહારાજશ્રી માણેકમુનિ મહારાજના શિષ્ય મુનિશ્રી સંયતમુનિ મહારાજ મુળવતન સોનામ (પંજાબ) દિક્ષા સંવત. ૧૯૭૦ પોશ વદી ૨ ને રવીવારના રાત્રીના ૪ વાગે ભાવનગરમાં મારવાડીના વંડામાં સમાધીપુર્વક કાળધર્મ પામ્યા તેઓશ્રી સ્વભાવે શાંત–સરલ અને ક્રિયાપાત્ર હતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ સભાના માનવંતા લાઇફ મેમ્બર રાણપુર નિવાસી શેઠ ઉજમશીભાઇ પરશોતમદાસ મહા શુદી ૪ બુધવારના રાત્રે ૧૧ાા વાગે વાલકેશ્વર તેમના બંગલામાં માત્ર ટુંક દીવસની માંદગીમાં સ્વર્ગવાસ પામ્યા છે.

મર્હુમ સ્વભાવે સરલ, શાંત અને ધર્મની સારી લાગણીવાળા અને એક સારા વ્યાપારી હતા. તેમના સ્વર્ગવાસથી એક લાયક ધર્મચુસ્ત સભાસદની અમને ખોટ પડી છે, તેમના આત્માની પરમ શાંતિ ઈચ્છવા સાથે તેમના કુટુંબને દિલાસો આપીએ છીએ.

# અમારી સભાનું જ્ઞાનોદ્ધાર ખાતું.

૧ સુમુખ નૃપાદિમિત્ર ચતુષ્કં કથા શા. ઉત્તમચંદ હીરજી પ્રભાસ પાટણવાળા તરફથી,
૨ જૈન મેઘદૂત સટીક
૩ જૈન ઐતિહાસિક ગૂર્જર રાસ સંગ્રહ
૪ અંતગડદશાંગસૂત્ર સટીક ભરૂચ નિવાસી ઉજમ બ્હેન તથા હરકોર બ્હેન તરફથી.
૫ શ્રી કલ્પસૂત્ર–કીરણાવળી શેઠ દોલતરામ વેણીચંદના પુત્રરત્ન સ્વરૂપચંદભાઇ તથા તેમના ધર્મપત્નિ બાઇ ચુનીબાઇનો દ્રવ્ય સહાયથી.
૬ ષટ્સ્થાનક સટીક.
૭ વિજ્ઞપ્તિ સંગ્રહ.
૮ સંસ્તારક પ્રકીર્ણક સટીક.
૯ શ્રાવકધર્મવિધિ પ્રકરણ સટીક.
૧૦ વિજયચંદ કેવળી ચરિત્ર પ્રાકૃત.
૧૧ વિજયદેવસૂરિ મહાત્મ્ય.
૧૨ જૈન ગ્રંથ પ્રસસ્તિ સંગ્રહ.
૧૩ લિંગાનુશાસન સ્વોપજ્ઞ (ટીકા સાથે)
૧૪ ધાતુ પારાયણ.
૧૫ શ્રી નંદીસૂત્ર–શ્રી હરિભદ્રસૂરિકૃત ટીકા. સાથે બુહારીવાળા શેઠ મોતીચંદ સુરચંદ તરફથી
૧૬ શ્રી મંડલપ્રકરણ, શાહ ઉજમશી માણેકચંદ ભાવનગરવાળા તરફથી.
૧૭ ગુરૂતત્ત્વ વિનિશ્ચય શેઠ પરમાનંદદાસ રતનજી ગોઘાવાળા, હાલ મુંબઇ.
૧૮ ગુણમાળા (ભાષાંતર) શેઠ દુલભજી દેવાજી રે. કરચલીયા–નવસારી
૧૯ શ્રી વિમલનાથ ચરિત્ર ભાષાંતર.
૨૦ દાનપ્રદીપ ”
૨૧ સંબોધ સિત્તરી શ્રી તખતગઢના જૈન ગૃહસ્થો તરફથી.
૨૨ ધર્મરત્ન ”
૨૩ ચૈત્યવંદન મહાભાષ્ય (ભાષાંતર)
૨૪ નવતત્ત્વ ભાષ્ય (ભાષાંતર)
૨૫ પ્રશ્નોત્તર પદ્ધતિ.
૨૬ પાતાંજલ યોગદર્શન.
૨૭ શ્રી નેમિનાથ ચરિત્ર ભાષાંતર.
૨૮ પ્રભાવક ચરિત્ર ભાષાંતર.

નંબર ૧૯–૨૦–૨૨–૨૩–૨૪–૨૬ ૨૭–૨૮ ના ગ્રંથોમાં મદદની અપેક્ષા છે.

## પ્રાચિન જૈન લેખ સંગ્રહ ભાગ ૨ જો, રૂા. ૩–૮–૦.

આ ગ્રંથ તઇયાર થઇ ગયાની અને તેમાં આવેલી હકીકતનો સવિસ્તર ખુલાસો પ્રથમના અંકોમાં આવી ગયેલ છે. પ્રાચિન જૈન લેખ સંગ્રહ ભા. ૧ લાની નકલો કેટલાક મહાશયો હવે તદન થઇ રહ્યા બાદ મંગાવે છે. પ્રાચીન શોધખોળના ગ્રંથો તુરતમાંજ ખપી જતા હોવાથી પાછળથી અમારે ના લખવી પડે છે, જેથી બીજા ભાગ માટે પણ નિરાશ ન થવું પડે. માટે તાકીદે મંગાવી લેવા વિનંતિ છે. પોસ્ટ ખર્ચ જુદો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સદ્‌વર્તન તથા શુદ્ધ અંતઃકરણ.

"સદ્‌વર્તનમાં તથા શુદ્ધ અંતઃકરણમાં જે જાદુઈ શક્તિ રહેલી છે તેવી શક્તિ બીજા કોઇ ગુણમાં ભાગ્યેજ જોવામાં આવે છે. ખરૂં કહીએ તો, આ બન્નેમાં સર્વ ગુણોનો સમાવેશ થઈ જાય છે. તમારૂં જીવન સંપૂર્ણ રીતે પ્રમાણિક હોય તો તમારા હાથથી કાંઇ ખોટું કે નીચ કામ થશે ખરૂં ! કદિ નહિ. તમારૂં અંતઃકરણ શુદ્ધ હશે, તમારામાં ખોટો ડોળ કે કપટ જરાપણું નહિ હશે તો તેથી બીજાઓને તમે ઘણો લાભ કરી શકશો. તમે તેઓના પ્રત્યે માયાળુ થશો, તેઓની લાગણીને માન આપીને વર્તશો અને જરૂરને વખતે તેઓને સહાય કરશો. ટુંકામાં, તમે સર્વ પ્રત્યે પૂર્ણપ્રેમ અને ભલાઇ બતાવશો. એ ઉપરાંત તમને પોતાને સદ્‌વર્તનથી અને શુદ્ધ અંતઃકરણથી બહુ લાભ થાય છે. સારો કે નરસો, પ્રમાણિક કે અપ્રમાણિક, દરેક માણસ તમારી તારીફ કરવાને અને તમારી ઉપર પ્રેમ બતાવવાને આકર્ષાય છે. આ તમને મોટામાં મોટા આનંદનું કારણ છે. એથી વિશેષ લાભ એ કે લોકોમાં તમારૂં માન વધે છે, અને વિશ્વાસના જોખમદારીનાં મોટા દરજ્જાઓ માટે તમારી પસંદગી કરવામાં આવે છે. અપ્રમાણિક માણસો જે હજુ હાથથી છેક નહિ ગયા હોય, તેનાં મનમાં આબરૂની કાંઇક ખેવના રહી હશે, તેઓ તમારી હાજરીમાં શરમના માર્યાં નીચું જોઇ જાય છે; સ્તબ્ધ બની જાય છે, અને કાંઇપણ હલકાઇ કરવાની તેઓની હિંમત ચાલતી નથી. વળી કોઇ હિંસક પશુ હિંસાનું કામ કરતા હોય તે વખતે તમારી દૃષ્ટિ તેના ઉપર પડે તો, ભયનું માર્યું તે તરતજ નાશી જાય છે. સદ્‌વર્તનનો અને શુદ્ધ અંતઃકરણનો આવો જબરો પ્રતાપ છે! તેની અસર તમારા મુખ ઉપર અને તમારાં નાનાં મોટાં દરેક કામમાં સચોટ જણાઇ આવે છે.

* * * * *

"ખરેખરો પવિત્ર માણસ તેનેજ જાણવો, કે જેનું હૃદય સાફ અને વર્તન સરસ હોય છે, તે તમને દુઃખમાં દિલાસો આપી શકે છે. વિશેષમાં તેના સમાગમથી તમને એમજ થશે કે મારા અંતરમાં ઉદાસી શામાટે આવવી જોઇએ ?"

"દુઃખમાં પણ આનંદ પ્રાપ્તિના માર્ગમાંથી."

For Private And Personal Use Only